કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે કચ્છ ઉદય સાંધ્ય દૈનિકમાં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.
PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૨૭ જૂન, ૨૦૨૪ ગુરૂવાર
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
૩૧ વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
મુંદરા તાલુકાના ભદ્રેશ્વર, લુણી, વડાલા, ગુંદાલા, બારોઈ, નાના કપાયા, ભુજપુર, સમાઘોઘા, મોટા કપાયા, ફાચરીયા, પ્રાગપર, દેશલપર (કંઠી), વાંઢ, ધ્રબ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
-: મુકેશભાઈ ગોર :-
90990 79342, 98790 41665
૫ મૈત્રી કોમ્પલેક્ષ, તાલુકા પંચાયત રોડ, મુંદરા-કચ્છ.

◆અંક નંબર : ૦૩૪◆વર્ષ : ૩૧ ◆પાના - ૮ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૦ ◆ જેઠ વદ-૬◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

## મોદીરાજમાં ભારતનો હરણફાળ વિકાસ : ભારતને વિશ્વનું ત્રીજાનંબરનું અર્થતંત્ર બનાવશે મોદી સરકાર

# રાષ્ટ્રપતિનું અભિભાષણ : મોદી ૩.૦નો રોડમેપ




મહામહિમ દ્રોપદી મુર્મુએ સંસદના સંયુકત સત્રને કર્યુ સંબોધન : મોદી સરકારના પાછલા ૧૦ વર્ષના વિકાસ કાર્યો, દેશની બદલાયેલી તસવીર, આગામી પાંચ વર્ષમાં સરકારની પ્રાથમિકતાઓ-એજન્ડાઓ મામલે રાષ્ટ્રપતિએ દેશને આપ્યો ચિત્તાર : **સેંગોલ સાથે રાષ્ટ્રપતિનો લોકસભા ચેમ્બરમાં પ્રવેશ**

### હવે દંડને બદલે ન્યાયને પ્રાથમિકતા મળશે -૧ જુલાઈથી દેશમાં નવી ન્યાય સંહીતા લાગુ થશે

નવી દીલ્હી : રાષ્ટ્રપતિએ આજરોજ તેઓના ઉદબોધનમા બોલતા કહ્યુ હતુ કે, બધાય સાંસદો મતદાતાઓનો વિશ્વાસ જીતીને આવ્યા છે. દેશસેવા-જનસેવાની આ તક બહુ ઓછા લોકોન મળે છે. મને વિશ્વાસ છે કે તમે રાષ્ટ્રપ્રથમની ભાવના સાથે તમારૂ દાયિત્વ નિભાવશો. રાષ્ટ્રપતિએ આ તબક્કે ઓમબિરલાને પણ અભીનંદન પાઠવ્યા હતા. દુનીયાની સૌથી મોટી ચૂંટણી હાલમાં સંપન્ન થઈ છે. દેશના તમામ મતદાતાઓનો અનુસંધાન પાના નં.૪ પર

### રાષ્ટ્રપતિના અભિભાષણના મુખ્ય અંશ

● ભારત વધુમાં વધુ આત્મનિર્ભર બને તે દીશામાં મોદી સરકારના પ્રયાસ ● સરકાર તમામ સકેટરને વધુ મજબુત કરવા અગ્રેસર ● રાજયોના વિકાસ સાથે દેશનો વિકાસ ● ઉત્તર દક્ષિણ ભારતમાં બુલેટટ્રેન તૈયાર ● દુનીયાના વિકાસમા ભારતનો ૧૫ ટકા હિસ્સો ● ૨૦૨૪ની ચૂંટણીની દુનીયાભરમાં ચર્ચા ● ગત લોકસભાની ચૂંટણીમાં મહીલાઓએ નોધપાત્ર મતદાન કર્યુ. ● ૩ કરોડ મહીલાઓને લખપતિ દીદી બનાવવાનુ કામ કૃયુ ● ૫૫ કરોડ લાભાર્થીઓને મફત સ્વાસ્થય સુવિધા મળે છે ● ૧૦ વર્ષમાં ગ્રામીણઅર્થવ્યવસ્થા પર ભાર મુકાયો ● મહીલાઓ વધુમા વધુ બચત કરી શકે તેવા પ્રયાસો કરાયા ● પીએમ સૂર્યઘર વીજળી દ્વારા નાણા કમાવવાની તક ● દાળ-કઠોળ-તેલબિયાના ઉત્પાદન પર ભાર અનુસંધાન પાના નં.૪ પર

## દક્ષિણ આફ્રિકાએ પ્રથમ વખત ફાઇનલમાં પહોંચીને ઈતિહાસ રચ્યો: અફઘાનિસ્તાનને ૯ વિકેટે હરાવ્યું

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : દક્ષિણ આફ્રિકા ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ની ફાઈનલમાં પહોંચી ગયું છે. દક્ષિણ આફ્રિકાએ સેમિફાઈનલમાં અફઘાનિસ્તાનને ૯ વિકેટે હરાવ્યું હતું. તમને જણાવી દઈએ કે દક્ષિણ આફ્રિકાની ટીમ પ્રથમ વખત ટી૨૦ વર્લ્ડ કપની ફાઈનલમાં પહોંચવામાં સફળ રહી છે. પ્રથમ બેટિંગ કરતા અફઘાનિસ્તાનની આખી ટીમ માત્ર ૫૬ રનમાં જ સિમિત રહી ગઈ હતી. જવાબમાં દક્ષિણ આફ્રિકાએ ૧ વિકેટ ગુમાવીને




એકતરફી જીત હાંસલ કરી હતી.

સાઉથ આફ્રિકા તરફથી રીઝા હેન્ડ્રિક્સ ૨૯ રન બનાવીને અણનમ રહ્યા હતા અને એડન માર્કરામ ૨૩ રન બનાવીને અણનમ રહ્યા હતા. ફઝલહક ફારૂકીને એકમાત્ર સફળતા મળી.


૫૬ રનના નાના ટાર્ગેટનો પીછો કરતા દક્ષિણ આફ્રિકાને ૫ રનના સ્કોર પર પહેલો ફટકો લાગ્યો હતો. ક્વિન્ટન ડી કોકને ફઝલહક ફારૂકીએ પેવેલિયન મોકલ્યો હતો. ડી કોક ૫ રન બનાવીને આઉટ થયો હતો. અનુસંધાન પાના નં.૪ પર

## ભાજપના દિગ્ગજ નેતા લાલકૃષ્ણ અડવાણીની તબિયત લથડી

### મોડી રાતે દીલ્હી એઈમ્સમાં દાખલ કરાયા

નવી દીલ્હી : ભૂતપૂર્વ નાયબ વડા પ્રધાન અને ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીની તબિયત બગડતાં તેમને દિલ્હીની AIIMSમાં દાખલ કરવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ, તેમને ઉંમર સંબંધિત સમસ્યાઓના કારણે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

લાલ કૃષ્ણ અડવાણીને એઈમ્સના જેરિયાટ્રિક વિભાગના ડોક્ટરોની દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા છે. AIIMSમાં સ્વાસ્થ્યની યોગ્ય દેખરેખ રાખવા માટે તબીબોની ખાસ પેનલ તૈયાર કરાઈ છે.અડવાણીને આ વર્ષે ભારત રત્ન આપ વામાં આવ્યો હતો લાલકૃષ્ણ અડવાણીની તબિયત અંગેનું લેટેસ્ટ અપડેટ હજુ જાહેર થયું નથી. AIIMSના ડોક્ટરો અને મેડિકલ એક્સપર્ટ દ્વારા અડવાણીનું મેડિકલ બુલેટિન



ટૂંક સમયમાં જારી કરવામાં આવી શકે છે. આ વર્ષે બીજેપીના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીને ભારત સરકાર દ્વારા દેશનું સર્વોચ્ચ નાગરિક સન્માન એટલે કે ભારત રત્ન આપવામાં આવ્યું હતું.લાલકૃષ્ણ અડવાણીનો જન્મ ૮ નવેમ્બર ૧૯૨૭ના રોજ કરાચી હાલના પાકિસ્તાનમાં થયો હતો. તેમણે એક ઈન્ટરવ્યુ દરમિયાન કહ્યું હતું કે મેં ૧૨ સપ્ટેમ્બર ૧૯૪૭ના રોજ પાકિસ્તાન છોડી દીધું હતું. તેમના આગમનના એક મહિના બાદ તેમનો પરિવાર ભારત આવ્યો હતો. લાલ કૃષ્ણ અડવાણીને એક પુત્રી પ્રતિભા અડવાણી અને એક પુત્ર જયંત અનુસંધાન પાના નં.૪ પર

## ઉત્તર પ્રદેશે શિક્ષકો માટે ઠરાવ કરતા ગુજરાતમાં જૂની પેન્શનનું ભૂત ફરી ધૂણ્યું

### લાંબા સમયથી સમાધાન થયા મુજબ જૂની પેન્શનનો ઠરાવ કરવા ભલામણ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : ગુજરાતમાં જૂની પેન્શન યોજનાના અમલનું ભૂત ફરી ધુણવા લાગ્યું છે. ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા જૂની પેન્શન યોજના અંગે ઠરાવ બહાર પાડ્યા બાદ રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા મુખ્યમંત્રીને પત્ર લખી ૨૦૦૫ પહેલા નિમણૂક પામેલા શિક્ષકો તથા કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં સમાવેશ કરવાનો ઠરાવ બહાર પાડવા ભલામણ કરાઈ છે. વિધાનસભાની ચૂંટણી પહેલા જૂની પેન્શન યોજનાને લઈને શરૂ થયેલા આંદોલનને પગલે પાંચ મંત્રીઓની કમિટી સમક્ષ સમાધાન થયું હતું. જેમાં જૂની પેન્શનમાં સમાવવા અંગે ઠરાવ કરવાનું નક્કી થયું હતું, પરંતુ હજુ સુધી ઠરાવ બહાર પાડવામાં આવ્યો ન હોવાથી આક્રોશ ફેલાયો છે. અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત ઘણા લાંબા સમયથી તમામ શિક્ષક તથા કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં સમાવવા માગ કરી રહ્યું છે. જે અન્વયે વખતો વખત વિવિધ રજૂઆત તથા આંદોલન પણ થયા છે. ગત વિધાનસભાની ચૂંટણી પહેલા શૈક્ષિક મહાસંઘ તથા અન્ય સંગઠનો દ્વારા મોટાપાયે આંદોલન કરાયું હતું. જેના પગલે સરકાર દ્વારા નિયુક્ત પાંચ મંત્રીઓના સમૂહ સાથે વાટાઘાટો બાદ ૧ એપ્રિલ, ૨૦૦૫ પહેલાં નિમણૂક પામેલા શિક્ષક તથા કર્મચારીઓને જૂની અનુસંધાન પાના નં.૪ પર

## ભારતીય બજારની ઐતિહાસિક તેજી

### સેસેક્સ પ્રથમ વખત ૭૯૦૦૦ને પાર

મુંબઈ : સ્થાનિક શેરબજારમાં જબરદસ્ત તેજી જોવા મળી રહી છે. છેલ્લા ૧૧ સત્રોમાંથી ૮માં બજારે નવી ઊંચી સપાટીઓ નોંધાવી છે અને આ વર્ષે અત્યાર સુધીમાં તેમાં ૨૫ ટકાનો વધારો થયો છે. સ્થાનિક શેરબજાર છેલ્લા કેટલાક મહિનાઓથી શાનદાર તેજીના રોકેટ પર સવાર છે. આ જ કારણે બજાર લગભગ દરેક સત્રમાં નવા રેકોર્ડ ઉચ્ચ સ્તરે પહોંચવામાં સફળ રહે છે. આ શાનદાર રેલીએ માર્કેટને એમસીએપીના સંદર્ભમાં પણ રેકોર્ડ બનાવવાની તક આપી છે. માહિતી અનુસાર, છેલ્લા ૬ મહિનામાં એકલા સ્થાનિક બજારે એમસીએપીમાં ૧ ટ્રિલિયન ડોલર ઉમેરવામાં સફળતા મેળવી છે.

## ગુજરાત ભાજપને ડિસેમ્બરમાં નવા પ્રદેશ પ્રમુખ મળશે

### ૪થી એ મળનારી પ્રદેશ કારોબારીમાં કાર્યકારી પ્રમુખ નિમવાનો નિર્ણય લેવાય તેવી શક્યતા : ભાજપ ઓગસ્ટ સપ્ટેમ્બર મહિનામાં સદસ્યતા અભિયાન હાથ ધરશે

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગરઃ ગુજરાત પ્રદેશ ભાજપના નવા પ્રદેશ પ્રમુખની નિમણૂંક આગામી ડિસેમ્બર મહિનામાં કરવામાં આવે તેવી શક્યતા છે. ત્યાં સુધી કાર્યકારી પ્રમુખ નિમવા માટે ભાજપ નેતાગીરી દ્વારા વિચારણા કરવામાં આવી રહી હોવાનું જાણવા મળે છે. ગુજરાતના પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલ ને કેન્દ્રના મંત્રીમંડળમાં મંત્રી તરીકે સમાવવામાં આવ્યા છે. જો કે હાલ ત્રણ મહિના માટે પ્રદેશ પ્રમુખ તરીકેનો તેમનો કાર્યકાળ લંબાવવામાં આવ્યો છે. પરંતુ પાટીલ કેન્દ્રમાં મંત્રી હોય સંગઠનમાં વધુ સમય ફાળવી શકે તેમ ન હોય ગુજરાતમાં નવા પ્રદેશ પ્રમુખની નિમણૂંક આગામી ડિસેમ્બર મહિનામાં કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી ૪થી જુલાઈના રોજ પ્રદેશ ભાજપની કારોબારી બેઠક મળનારી છે તેમાં સંભવત ગુજરાતમાં કાર્યકારી પ્રમુખ નિમવા અંગેનો નિર્ણય લેવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં ભાજપ દ્વારા સદસ્યતા અભિયાન શરૂ કરવામાં આવનાર છે. ત્યારબાદ નવેમ્બરમાં વોર્ડના પ્રમુખોની ચૂંટણી યોજાશે અને ત્યાર પછી જિલ્લા પ્રમુખોની પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

## જામનગરના કાલાવડમાં બારે મેઘ ખાંગા : છ ઈંચ વરસાદ ખાબકયો
## ખરેડી ગામ બેટમાં ફેરવાયું : નદીમાં ઘોડાપુર : ધોરોજીમાં ધોધમાર



ગાંધીનગર : ગુજરાતમાં મેઘા બરાબરની જમાવટ સર્જી રહ્યો છે. હવામાન વિભાગ દ્વારા સતત ભારે વરસાદની આગાહી કરવામાં આવી રહી છે. ગુજરાતમાં પણ ચોમાસાએ રંગ જમાવી દીધો છે. તે દરમ્યાન જ મળતી વધુ વિગતો અનુસાર જામગનર પંથકમાં બારે મેઘ ખાંગાની સ્થિતી સર્જાતી જાવાઈ રહી છે. અહી વરસેલા ધોધમાર વરસાદથી ઠેર ઠેર પાણીની સ્થિતી સર્જાઈ ગઈ છે. જામનગર પંથકના કાલાવાડ પંથકમાં ભારે વરસાદ વરસી ગયો છે. અહી અનુસંધાન પાના નં.૪ પર

### કચ્છ-સૌરાષ્ટ્રમાં મેઘરાજા બતાવશે રોદ્રસ્વરૂપ

ગાંધીધામ : મેઘરાજા મન મુકીને ગુજરાતમાં વરસી રહ્યા છે ત્યારે હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામા આવી છે કે, આગામી બે દીવસમાં મેઘરાજા સૌરાષ્ટ્ર તથા કચ્છમાં રોદ્ર સ્વરૂપ બતાવવા તૈયાર છે. તોફાની ઈનિગ્સ અહી મેઘરાજાની આવી રહી હોવાનુ પણ હવામાન વિભાગની સંભાવનાઓમાં દર્શાવાયું છે.

## સૌરાષ્ટ્રના ૪ જિલ્લાના ૧૦ તાલુકાને મેઘરાજાએ ઘમરોળી નાખ્યાં

### છેલ્લા ૨૪ કલાકમાં ટંકારામાં ૪ ઇંચ કરતાં વધુ વરસાદ ખાબકતાં ટંકારા ના અનેક વિસ્તારોમાં પાણી ભરાયા : રાજ્યના ૧૦ તાલુકામાં ૨ થી ૪ ઇંચ વરસાદ : રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૮૪ તાલુકામાં મેઘ મહેર

ગાંધીનગરઃ રાજ્યના હવામાનમાં પલ્ટો આવ્યો છે અને હવામાન વિભાગ દ્વારા કરાયેલી આગાહી અનુસાર સૌરાષ્ટ્ર મધ્ય ગુજરાત ના ૧૦ થી વધુ તાલુકાઓમાં મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરતા અનેક તાલુકાઓમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ હતી. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૦ તાલુકાઓ એવા છે કે જ્યાં ૨ ઈંચ થી ૪ ઈંચ જેટલો ભારે વરસાદ પડ્યો હતો. રાજ્યમાં મોરબી ગીર સોમનાથ રાજકોટ જૂનાગઢ જિલ્લાના ૧૦ તાલુકાઓમાં મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. છેલ્લા ૨૪ કલાકમાં મોરબી જિલ્લાના ટંકારા તાલુકામાં ૪ ઈંચ કરતાં વધુ વરસાદ ખાબકતા અનુસંધાન પાના નં.૪ પર

## ‘ભારત હિંદુ રાષ્ટ્ર નથી, ચૂંટણી પરિણામોમાં આ સ્પષ્ટ થઈ ગયું છે’

નવીદિલ્હી : નોબેલ પુરસ્કાર વિજેતા અમર્ત્ય સેનનું કહેવું છે કે લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામો દર્શાવે છે કે ભારત ‘હિંદુ રાષ્ટ્ર’ નથી. બુધવારે એક કાર્યક્રમ દરમિયાન તેમણે કહ્યું કે ભારતને હિંદુ રાષ્ટ્ર બનાવવાનો વિચાર તેમને યોગ્ય નથી લાગતો. તેમણે અગાઉની કોંગ્રેસ સરકારો અને વર્તમાન ભારતીય જનતા પાર્ટીની આગેવાની હેઠળની એનડીએ સરકાર પર પણ ઘણા મુદ્દાઓ પર નિશાન સાધ્યું હતું.

મીડિયા સાથે વાત કરતા સેને કહ્યું, ‘ભારત હિન્દુ રાષ્ટ્ર નથી, ચૂંટણી પરિણામોમાં આ સ્પષ્ટ થઈ ગયું છે.’ તેમણે કહ્યું, ‘મને નથી લાગતું કે ભારતને હિંદુ રાષ્ટ્રમાં ફેરવવાનો વિચાર યોગ્ય છે.’ ફૈઝાબાદ લોકસભા સીટ પર ભારતીય જનતા પાર્ટીની હાર અંગે તેમણે કહ્યું કે દેશની અસલી ઓળખને દબાવવાના તમામ પ્રયાસો કરવામાં આવ્યા હતા. તેમણે કહ્યું, ‘...ભારતને હિંદુ રાષ્ટ્ર તરીકે બતાવવા માટે... આટલા બધા રૂપિયા ખર્ચીને રામ મંદિર બનાવું, જે મહાત્મા ગાંધી, રવીન્દ્રનાથ ટાગોર અને નેતાજી સુભાષ ચંદ્ર બોઝના દેશમાં ન થવું જોઈએ. આ ભારતની સાચી ઓળખને અવગણવાનો પ્રયાસ દર્શાવે છે અને આને તરત જ બદલવું જોઈએ.

### તિકડમ !
– દેવેન વ્યાસ



**ભાગ્યવાન, સ્વચ્છ ભારત અભિયાન શરુ થયા પછી તે નખ કાપવાનું શરુ કર્યું ત્યારથી તારા બનાવેલી ચા-રસોઈ વધારે સ્વાદિષ્ટ લાગવા માંડી છે!**

## હવે કેન્દ્રીય કર્મચારીઓ મિલ્કતની વિગતો જાહેર નહી કરે તો પગલા: કાનુન મંત્રાલય આકરા મૂડમાં

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : કેન્દ્રના કર્મચારીઓ દ્વારા પોતાની કે પરિવારના સભ્યોના નામની સ્થાવર અને જંગમ મિલ્કતોની લેતી દેતીની માહિતી વિભાગને આપવામાં નહી આવે તો કાનૂન અને ન્યાય મંત્રાલય કડક કાર્યવાહી કરવાના મૂડમાં છે.

મંત્રાલયે દરેક કર્મચારીઓ અને અધિકારીઓને આ અંગેની માહિતી સક્ષમ ઓથોરિટીને આપવા કહ્યું છે. સાથે જ ચેતવણી આપી છે કે, હુકમનો અમલ ન કરનારા સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. મંત્રાલયની વિજીલન્સ બ્રાન્ચે કેન્દ્રીય સીવીલ સેવા સીસીએચ અને નિયમનના કાયદા ૧૮ ના પેટા નિયમ (૨)ની જોગવાઈઓ હેઠળ ગત સપ્તાહે નવો હુકમ જાહેર કર્યો છે.

તેમાં મંત્રાલયે કહ્યું છે કે, આ નિયમોમાં સામેલ થતા દરેક કર્મચારીએ પોતાના કે પરિવારજનોના નામ પર રહેલી સ્થાવર સંપતિની કોઈપણ પ્રકારની લેતી દેતી કરતા પહેલા સક્ષમ ઓથોરિટીને રિપોર્ટ આપવો જરૂરી છે. એટલું જ નહી મંત્રાલયે એવુ પણ કહ્યું છે કે, જો લેતી દેતી કોઈ એવા વ્યક્તિ સાથે થઈ રહી હોય જેને સરકાર કે સરકારી કર્મચારી સાથે કોઈ સતાવાર લેતી દેતી હોય તો કર્મચારીએ આ માટે ઓથોરિટીની મંજુરી લેવી જરૂરી બનશે.

## બિહારમાં વીજળી પડવાથી આઠ લોકોના મોત

(એજન્સી દ્વારા)

પટના : બિહારના છ જિલ્લામાં વીજળી પડવાથી ઓછામાં ઓછા આઠ લોકોના મોત થયા છે. એક અધિકારીએ બુધવારે આ જાણકારી આપી. અધિકારીએ જણાવ્યું કે છેલ્લા ૨૪ કલાકમાં આ મૃત્યુ ભાગલપુર, મુંગેર, જમુઈ, પૂર્વ ચંપારણ, પશ્ચિમ ચંપારણ અને અરરિયા જિલ્લામાં થયા છે. બિહારના મુખ્યપ્રધાન નીતિશ કુમારે રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં વીજળી પડવાથી થયેલા મૃત્યુની સંખ્યા વિશે માહિતી આપી, પરંતુ ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી.મુખ્યમંત્રી કાર્યાલય અનુસાર, દરેક મૃતકના નજીકના સંબંધીઓ માટે ૪ લાખ રૂપિયાની એક્સ-ગ્રેશિયા રકમની પણ જાહેરાત કરવામાં આવી છે. સીએમઓના નિવેદન મુજબ, ભાગલપુર અને મુંગેર જિલ્લામાં જમુઈ, પૂર્વ ચંપારણ, પશ્ચિમ ચંપારણ અને અરરિયા જિલ્લામાં એક-એક મૃત્યુ પછી બે-બે મૃત્યુ નોંધાયા હતા. નિવેદનમાં, મુખ્યમંત્રીએ લોકોને ખરાબ હવામાન દરમિયાન સાવચેતી રાખવા અને આફતથી બચવા અપીલ કરી હતી. તેમણે મેનેજમેન્ટ વિભાગ દ્વારા જારી કરાયેલી સૂચનાઓનું પાલન કરવાની પણ અપીલ કરી હતી.

## નેપાળમાં મેઘરાજાનો તાંડવ : ભુખસ્લન-પુરના લીધે ૧૪ના મોત

નવી દિલ્હી :હાલમાં નેપાળમાં વરસાદને કારણે તબાહી સર્જાઈ છે. નેપાળની નેશનલ ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન એન્ડ મેનેજમેન્ટ ઓથોરિટી અનુસાર, વિવિધ વિસ્તારોમાં ભારે વરસાદ, ભૂસ્ખલન અને વીજળી પડવાને કારણે લગભગ ૧૪ લોકોના મોત થયા છે. દ્વઢ્ઢઈઈસ્છ અનુસાર, ભૂસ્ખલનને કારણે ૮ લોકોના મોત થયા છે, જ્યારે ૫ લોકો વીજળી પડવાને કારણે મૃત્યુ પામ્યા છે. તે જ સમયે, પૂરના કારણે એક વ્યક્તિનું મોત થયું છે. અલગ-અલગ ઘટનાઓમાં ડઝનબંધ લોકો ઘાયલ પણ



થયા છે.એનડીઆરએમએના પ્રવક્તા દિજન ભટ્ટરાઈએ એજન્સીને જણાવ્યું કે અત્યાર સુધીમાં કુલ ૪૪ ઘટનાઓ નોંધાઈ છે. ભૂસ્ખલનની ઘટનામાં બે લોકો હજુ પણ લાપતા છે, જ્યારે ૧૦ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. નેપાળના ગૃહ મંત્રાલયના રેકોર્ડ મુજબ ચોમાસું સક્રિય થયા બાદ છેલ્લા ૧૭ દિવસમાં ૨૮ લોકોએ જીવ ગુમાવ્યા છે. ચોમાસાને કારણે ૩૩ જિલ્લાઓ પણ પ્રભાવિત થયા છે.

# દયાપર મોર્ડન સ્કૂલ ખાતે શાળા પ્રવેશોત્સવ કરાવતા હર્ષદ પટેલ

નખત્રાણા : લખપત તાલુકાના દયાપર ખાતે મોર્ડન સ્કૂલમાં પ્રભારી સચિવ હર્ષદ પટેલે બાળકોને નામાંકન કરાવ્યું હતું. શિક્ષણ યાત્રામાં પગરવ માંડતા ૧૫૦ જેટલા બાળકોને પ્રવેશ મેળવ્યો હતો. જેમાં આંગણવાડીના ૯, બાલવાટિકા - ૨૨, ધોરણ -૧માં ૪, ધોરણ ૯માં બાળકોએ પ્રવેશ મેળવ્યો હતો. આ પ્રસંગે પ્રાંત અધિકારી સૂરજ સુથાર, મામલતદાર સલીમ ડોડિયા, તા.પં. પ્રમુખ જસુભા જાડેજા સહિત શાળા સ્ટાફ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. સંચાલન બિનાબેન સીજુએ કર્યું હતું.





# શિક્ષણ એ આદર્શ સમાજની રચના માટેની બુનિયાદ : દેવજી વરચંદ

**અંજાર શહેરની શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ ટાંકણે જિલ્લા ભાજપ અધ્યક્ષે વ્યકત કર્યો ઉદ્‌ગાર : મહોત્સવના દ્વિતિય દિવસે શહેરની વિવિધ શાળાઓમાં બાળકોને શૈક્ષણિક કીટના વિતરણ સાથે અપાયો પ્રવેશ**






અંજાર : કચ્છ જિલ્લા શિક્ષણ વિભાગ અને અંજાર શહેર પ્રાથમિક શિક્ષણ સમિતિના ઉપક્રમે શહેરની વિવિધ શાળાઓમાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આજે મહોત્સવના દ્વિતિય દિવસે શહેરની શાળા નં. ૧, ૨, ૧૪ માં બાળકોને શાળા પ્રવેશ કરાવતા મુખ્ય અતિથિ જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૩ માં જયારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે શાળા પ્રવેશોત્સવની શરૂઆત કરાવી હતી. રાજય સરકારના પ્રયાસોને સારી સફળતા મળી છે. જિલ્લામાં વધુને વધુ ભુલકાઓ પ્રાથમિક શિક્ષણ મેળવતા થયા છે. સાથે જ ડ્રોપઆઉટ રેશિયો ઘટયો છે. કચ્છ સહિત રાજયના છેવાડાના બાળકોને શિક્ષણ મળે તેની ચિંતા રાજય સરકારે કરી છે. કચ્છમાં શિક્ષણ વિભાગ અને વહીવટી તંત્રના પ્રયાસો થકી સારા પરિણામો મળ્યા છે. તેમણે શિક્ષણને આદર્શ સમાજની રચના માટે બુનિયાદ સમાન ગણાવ્યું હતું.

શહેરની વિવિધ શાળાઓમાં મહાનુભાવોના હસ્તે શાળા પ્રવેશ મેળવનાર બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કરાયું હતું. આ કાર્યક્રમમાં અંજાર નગરપાલિકા પ્રમુખ વૈભવભાઈ કોડરાણી, કારોબારી ચેરમેન પાર્થ સોરઠીયા, નિલેશભાઈ ગુસાઈ, અશ્વિન સોરઠીયા, પ્રીતિબેન ઠક્કર, બલરામ જેઠવા, રામજીભાઈ ધેડા, લીલાવંતીબેન પ્રજાપતિ, કિશોરસિંહ જાડેજા, કલ્પનાબેન ગોર, અલ્પેશભાઈ દરજી, ડેનીભાઈ શાહ, વસંતભાઈ કોડરાણી, જલ્પાબેન ગોહિલ, સુરેશ વરચંદ, રાજેન્દ્રભાઈ પટેલ, અનવરભાઈ જત, મિતાબેન મશરૂ, જસ્મીતબેન વાઘેલા, મિતલબેન પ્રજાપતિ, ક્રિષ્નાબેન પટેલ, કામિનીબેન સચદે, ધર્મેન્દ્ર ચૌહાણ, રીનાબેન પરમાર, વાલજીભાઈ ગાગલ, આરતીબેન ગોસ્વામી, નંદલાલ માતા, વૈશાલીબેન પાઠક, અંકિતાબેન કાસુંદરા, ઈનાયતઅલી શેખ, કુલદીપસિંહ રાણા વગેરે ઉપરાંત નગરસેવકો, શિક્ષકો, વાલીઓ, શહેર ભાજપના હોદ્દેદારો અને કાર્યકરો હાજર રહ્યા હતા.

# ગણપત યુનિવર્સિટી ખાતે રક્ષાશક્તિ સ્કૂલ અને જ્ઞાન શક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એક્સિલન્સની મુખ્ય સચિવ રાજકુમારે મુલાકાત લીધી

મહેસાણાઃ મહેસાણા જિલ્લાના ખેરવા ગણપત યુનિવર્સિટી ખાતે રક્ષાશક્તિ સ્કૂલ અને જ્ઞાન શક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એક્સિલન્સની મુખ્ય સચિવશ્રી રાજકુમારે મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન જિલ્લા કલેકટર એમ નાગરાજન ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય સચિવ એ રક્ષા શક્તિ અને જ્ઞાન શક્તિ સ્કૂલના વિવિધ વિભાગોની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. આ પ્રસંગે મુખ્ય સચિવ એ જણાવ્યું હતું કે, આજથી રાજ્યમાં શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ થયો છે. આ વર્ષે ૨૧મા શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં દરેક બાળકોનું ૧૦૦ ટકા નામાંકન થઈ રહ્યું છે. વધુમાં



તેમણે જણાવ્યું હતું કે આજે સરકારી શાળામાં દરેક પ્રકારની સુવિધાઓ વિદ્યાર્થીઓને આપવામાં આવી રહી છે. દરેક શાળામાં સ્માર્ટ ક્લાસરૂમ જોવા મળી રહ્યો છે માટે સરકાર સાથે જો તેમાં સમાજનો સહકાર મળે તો શિક્ષણના આ કાર્યને વધુ વેગ મળશે. વધુમાં તેમણે ઉમેર્યુ હતું કે ૨૧મી સદીનું ભારત રક્ષા શક્તિ અને જ્ઞાન શક્તિના વિદ્યાર્થીઓમાં દેખાય છે. આ વિદ્યાર્થીઓના જ્ઞાન અને કૌશલ્યનો લાભ રાજ્ય અને દેશને મળશે. ગણપત યુનિવર્સિટી સમાજ માટે ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરી રહી છે. અહીંના વિદ્યાર્થીઓ રમત રમત પ્રત્યે ખૂબ આગળ છે. તેવી જ રીતે દરેક ક્ષેત્રે ગણપત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ રાજ્ય અને દેશનું નામ રોશન કરે તેવી મુખ્ય સચિવે આશા પણ વ્યક્ત કરી હતી. આ તકે મુખ્ય સચિવ સહિતના મહાનુભાવોના હસ્તે રક્ષા શક્તિ અને જ્ઞાન શક્તિ સ્કૂલના તેજસ્વી વિદ્યાર્થીઓને શીલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ મુખ્ય સચિવ સહિતના મહાનુભવો વૃક્ષા રોપણ કર્યું હતું.

# બાલ વાટિકા અને આંગણવાડીના બાળકોને કુમકુમ તિલક - વર્ગખંડ કીટ આપીને રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ શાળા પ્રવેશ કરાવ્યો

જુનાગઢ : ત્રિ-દિવસીય શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીના બીજા દિવસે રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ કેશોદ તાલુકાની રાણીંગપરા શાળામાં બાલ વાટિકા અને આંગણવાડીના બાળકોને કુમકુમ તિલક અને વર્ગખંડ કીટ આપીને શાળા પ્રવેશ કરાવ્યો હતો.

આ વેળાએ રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ શિષ્યવૃત્તિની પરીક્ષામાં ઉચ્ચ ક્રમાંક પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓનું અને



વાર્ષિક પરીક્ષામાં અવ્વલ નંબર મેળવનાર વિદ્યાર્થીઓનું પ્રમાણપત્ર આપીને સન્માન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાનના દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી એ શરૂ કરેલ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ના નેતૃત્વમાં નાના ભૂલકાઓના ઉજ્જવળ ભાવિનો ઉત્સવ બન્યો છે. રાજ્ય સરકાર દ્વારા સરકારી શાળાઓમાં શિક્ષણની તમામ વ્યવસ્થાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

# ગાંધીધામ- ભુજ સહિત સ્ટેશનો પર સુવિધામાં વધારો

ગાંધીધામ : પશ્ચિમ રેલ્વેના અમદાવાદ મંડળે હંમેશા નવીનતા અને મુસાફરોના સંતોષ પર ધ્યાન કેન્દ્રિત કરીને હંમેશા મુસાફરોના લાભ માટે વિશ્વસનીય, કુશળ અને સુલભ સુવિધાઓ પ્રદાન કરવાનો પ્રયત્ન કર્યો છે. મંડળે પોતાના મુસાફરો માટે સુવિધાઓને અપગ્રેડ કરવા તેમજ વિકલાંગ વ્યક્તિઓ માટેની સુવિધાઓના વિસ્તરણ સહિત તેમના સમગ્ર પ્રવાસના અનુભવને સુધારવાના ઉદ્દેશથી ઘણા પેસેન્જર - કેન્દ્રિત કામ માટે પ્રયત્નો કર્યા છે જેમાં વિકલાંગ વ્યક્તિઓ માટેની સુવિધાઓનું વિસ્તરણ સામેલ છે.પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળનું લક્ષ્ય દિવ્યાંગજનોને અનુકૂળ પાયાગત માળખું તૈયાર કરવાનું છે. જેના હેઠળ કેટલાય કામની યોજના બનાવવામાં આવી છે, જેમાં વ્હીલચેર ઉપયોગકર્તાઓ અને ગતિશીલતામાં ઉણપવાળા યાત્રીઓ માટે સરળ અવરજવરની સુવિધા માટે મુખ્ય સ્ટેશનો પર રેમ્પ અને રેલિંગ લગાવવી સામેલ છે. દિવ્યાંગ યાત્રીઓની જરૂરીયાતોને પૂરી કરવા માટે સ્ટેશનના પ્રવેશ દ્વારોની પાસે વિશેષરૂપે ડિઝાઈન કરાયેલા શૌચાલય અને પીવાના પાણીના બૂથ અને આરક્ષિત પાર્કિંગ સ્થળોની જોગવાઈ કરવામાં આવી છે. અંધજન યાત્રીઓની સુવિધા માટે અમદાવાદ સ્ટેશન પર બ્રેઈલ સાઈનેજીસની જોગવાઈ કરવામાં આવી છે. ૨૫ સ્ટેશનો પર ઓટોમેટિક તથા ૬૯ સ્ટેશનો પર મેન્યુઅલ યાત્રી ઉદઘોષણા સિસ્ટમ લગાવવામાં આવી છે, સ્ટેશનો પર ગ્લો સાઈન પેસેન્જર ગાઈડન્સ બોર્ડ, એલઈડી સ્ટેશન નામ બોર્ડ વગેરે પણ લગાવવામાં આવ્યા છે.

અમદાવાદ મંડળના પાંચ સ્ટેશનો અમદાવાદ, ગાંધીધામ, ભુજ, મહેસાણા અને પાલનપુર પર ૨૬ એસ્કેલેટર્સ તથા ૧૦ સ્ટેશનો અમદાવાદ, ભુજ, મહેસાણા, ગાંધીધામ, સાબરમતી, પાલનપુર, સામાખ્યાળી, ભચાઉ, વડનગર, મણિનગર પર ૨૯ લિફ્ટની સુવિધા ઉપલબ્ધ છે જે દિવ્યાંગ અને બીમાર યાત્રીઓ માટે ખૂબ ઉપયોગી સાબિત થઈ રહી છે. આ અત્યાધુનિક સુવિધાઓ દિવ્યાંગજન યાત્રીઓની જરૂરિયાતોને પૂરી કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે, જેથી કરીને એ સુનિશ્ચિત કરી શકાય કે તેમનો યાત્રા અનુભવ શક્ય એટલો સરળ અને આરામદાયક રહે. પ્લેટફોર્મ વિસ્તરણ કામ, પ્લેટફોર્મ સપાટીના સુધાર અને એપગ્રેડેશન, પ્લેટફોર્મ કવર શેડની જોગવાઈ / પ્રતિસ્થાપના/વિસ્તરણ વગેરે પણ કરવામાં આવી રહ્યા છે. મંડળના વિવિધ સ્ટેશનો પર ૭૯ વોટર કૂલર ઉપલબ્ધ છે જેનાથી યાત્રીઓને ઠંડુ પાણી પ્રાપ્ત થઈ રહ્યું છે.

અમદાવાદ મંડળ પર અમ્બ્રેલા વર્ક (પીએચ-૫૩) હેઠળ લગભગ ૧૪૭ કરોડ રૂા. ના ખર્ચે ૧૨ સ્ટેશનો હળવદ, ગાંધીધામ, ખારાઘોડા,



ચીરઈ, કંડલા પોર્ટ, દેત્રોજ, સિદ્ધપુર, ન્યુ ખારી, છારોડી, શીરવા નરોડા અને લિંચ ઉપર નવા ગુડ્ઝ શેડ્સ બનાવવામાં આવી રહ્યા છે. વર્તમાનમાં આ ગુડ્ઝ શેડ્સ ઉપર દર મહિને ૪૫૯ રેક્સનું ડીલિંગ કરવામાં આવી રહ્યું છે અને વિકાસ કામ પૂરૂ થયા પછી દર મહિને ૬૭૫ રેક્સનું ડીલિંગ કરી શકાશે. જેનાથી રેલવેના રેવેન્યુમાં વૃદ્ધિ થશે. અમદાવાદ મંડળ પર અમદાવાદ, સાબરમતી, ગાંધીધામ અને ન્યુ ભુજ સ્ટેશનોનું મુખ્ય અપગ્રેડેશન કરવામાં આવી રહ્યું છે આ સ્ટેશનોને આધુનિક અને વિશ્વસ્તરીય સ્ટેશનોમાં બદલવાનું કામ ઝડપી ગતિથી કરવામાં આવી રહ્યું છે. સાથે જ અમૃત સ્ટેશન યોજના હેઠળ લગભગ ૫૧૫ કરોડ રૂપિયાના ખર્ચે અમદાવાદ મંડળના ૧૬ સ્ટેશનો અસારવા, મણિનગર, ચાંદલોડિયા, વટવા, સામાખ્યાળી, સિદ્ધપુર, ઊંઝા, મહેસાણા, ભીલડી, હિમ્મતનગર, ભચાઉ, વિરમગામ, ધ્રાંગધ્રા, કલોલ, પાલનપુર અને પાટણ સ્ટેશનો પર પુનઃવિકાસ કામ કરવામાં આવી રહ્યું છે. આમાં સ્ટેશનોનું અપગ્રેડેશન તથા પુનઃવિકાસ, વર્તમાન સુવિધાઓમાં સુધારો, સર્ક્યુલેટિંગ વિસ્તાર અને પ્રકાશ વ્યવસ્થામાં સુધારો, ૧૨ મીટર પ્હોળા ફુટ ઓવર બ્રિજ, લિફ્ટ, બેસવાની વ્યવસ્થા અને એર-કંડીશનિંગ સાથે પ્રતિક્ષાગૃહનું આધુનિકીકરણ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળ સમગ્ર રેલ્વે નેટવર્કમાં સર્વસમાવેશક અને પેસેન્જર - ફ્રેંડલી વાતાવરણ બનાવવા માટે પ્રતિબદ્ધ છે. દિવ્યાંગજન યાત્રીઓ અને અન્ય યાત્રી-કેન્દ્રિત સુવિધાઓ માટે સુનિયોજિત વિકાસ બધા માટે યાત્રા અનુભવને ઉત્તમ બનાવવાના સતત પ્રયત્નોનો ભાગ છે.

## બજેટમાં સોનાની આયાત ડયુટી પર પાંચ ટકા ઘટાડાની શકયતાઃ ભાવોમાં ઘટાડો થવા આશા

નવી દિલ્હી : જુલાઈમાં રજુ થનારા કેન્દ્રીય બજેટમાં સોના અને ચાંદી પરની આયાત ડયુટીમાં ૫ ટકા ઘટાડો થવાની શકયતા ચર્ચામાં આવી છે. ઔદ્યોગીક અને નાણા મંત્રાલય સાથે જોડાયેલા સૂત્રોના જણાવ્યા મુજબ સરકાર આયાત ડયુટીને ૧૫ ટકાથી નીચે લાવવા પર ગંભીરતાથી વિચારી રહી છે. આ કારણે ડયુટી વધ્યા બાદ સોનાની વધી રહેલી દાણચોરી પર પણ અંકુશ આવશે અને સોનાના ભાવ રૂા.૩૦૦૦ સુધી નીચા આવી શકશે.જો સોના અને ચાંદી પર હાલની ૧૫ ટકા ડયુટીને ૫ ટકા ઘટાડીને ૧૦ ટકા કરવામાં આવે તો ભાવોમાં ઘટાડો આવે તેમ છે. એ વાત પર પણ ચર્ચા ચાલી રહી છે કે જુનુ સોનુ વેચતી વખતે ગ્રાહકને જીએસટીમાં કોઈ ઈન્સેન્ટીવ મળવુ જોઈએ, જેનાથી આયાતમાં ઘટાડો થાય અને સરકારને નુકશાનનું દબાણ પણ ઘટે, વધુમાં સૂત્રો કહે છે કે આ પગલાથી સોનામાં અંદાજે ૩૦૦૦ અને ચાંદીમાં ૩૮૦૦ રૂપિયાનો ઘટાડો આવી શકે છે.

# ભુજની વીજ સમસ્યાનું મુખ્ય કારણ વીજ ખપતમાં થયેલો વધારો

**પીજીવીસીએલ ભુજ ડીવીઝનના કાર્યપાલક ઈજનેર જે.એમ.કાપડિયાએ ફીડરો પર વધેલા વીજ ભારથી સમસ્યા વધી હોવાનું દર્શાવ્યું કારણ : લોકસભા ચૂંટણી, બોર્ડ પરીક્ષાઓ અને હીટવેટનું ગ્રહણ પ્રિ-મોન્સૂન કામગીરીને નડ્યું : આવનાર દિવસોમાં વીજ તંત્ર કેમ્પનું આયોજન કરી શહેરીજનોને વીજભાર વધારવાની પ્રક્રિયા અંગે આપશે સમજ**

ભુજ : છેલ્લા એક સપ્તાહથી ભુજ શહેરમાં વીજ સમસ્યા શરદર્દ સમાન બની છે. ચોમાસાના પ્રારંભે જ ભુજ શહેરના વિવિધ વિસ્તારોમાં વીજ ધાંધિયા રોજિંદા બન્યા છે ત્યારે લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. ભુજ ડિવિઝનના કાર્યપાલક ઈજનેર જે.એમ. કાપડિયાએ આ અંગે જણાવ્યું હતું કે, વરસાદની શરૂઆત થતા વીજ ફોલ્ટમાં વધારો થયો છે પરંતુ વીજ વિભાગની ટીમો દિવસ-રાત ફરિયાદોના નિરાકરણ માટે કાર્યરત છે. હાલના દિવસોમાં મોટાભાગની ફરિયાદ વીજ વોલ્ટેજમાં વધઘટ, ડિફર બંધ થવા સહિતની ઉઠી છે.

ભુજ શહેરમાં છેલ્લા થોડા સમય દરમિયાન વીજ ખપતમાં ભારે વધારો થયો છે. લોકો ગરમીથી રાહત મેળવવા એરકન્ડીશન, ફ્રિઝ અને એરકુલર જેવા વીજ ઉપકરણો વસાવી રહ્યા છે. જે-તે વિસ્તારમાં જે પ્રમાણમાં વીજ ખપતપ વધે છે તે પ્રમાણમાં વીજ ગ્રાહકો વીજભાર વધારવાની અરજી કરતા નથી જેથી વધેલી વીજ ખપત સિસ્ટમમાં ન આવતા લો-વોલ્ટેજ કે ફિડર બંધ થવા જેવી સમસ્યા ઊભી થતી હોય છે. આગામી દિવસોમાં પીજીવીસીએલ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં કેમ્પનું આયોજન કરી લોકોને વીજભાર વધારવાની પ્રક્રિયા અંગે સમજ આપવામાં આવશે. શહેરની પ્રિમોન્સૂન કામગીરી પર ઉઠતા સવાલો અંગે તેમણે જણાવ્યું હતું કે, આ વર્ષે લોકસભા ચૂંટણી, બોર્ડ પરીક્ષા સાથે હીટવેવના કારણે પ્રિ-મોન્સૂન કામગીરી ખપતે જરૂરી સમય દરમિયાન ફીડર બંધ રાખવાનું શક્ય બન્યું ન હતું. તંત્ર દ્વારા ઝાડીઓની કટીંગ, વીજ રેશા બદલવા સહિતની કામગીરી કરાઈ હોવાનું જણાવ્યું હતું. તેમણે શહેરમાં વધેલી વીજ સંબંધી ફરિયાદો માટે મુખ્ય કારણ વીજ ખપતમાં થયેલો વધારો હોવાનું વધુમાં ઉમેર્યું હતું.

## પહેલા પાનાથી...

### રાષ્ટ્રપતિનું અભિભાષણ

હું આભાર માનું છું. આ ચૂંટણીની સૌથી સુખદ તસવીર જમ્મુ કાશ્મીરમાં સામે આવી હતી. ગત ચાર દસકાઓમાં કાશ્મીરમાં આપણે બોમ્બ -પથ્થર સાથેના મતદાનો પણ જોયા છે પણ આ વખતે કાશ્મીર ઘાટ્ટીએ મતદાનમાં માનવિરોધી તાકાતને જવાબ આપી દીધો છે. લોકસભાની ચૂંટણીમાં જોડાયેલા સોને રાષ્ટ્રપતિએ અભિનંદન આપ્યા હતા. ૨૦૨૪ના લક્ષ્યની ચૂંટણીની ચર્ચા આજે દુનીયામાં થવા પામી રહી છે. ત્રીજીવખત ભારતમાં સ્થિર સરકાર અને સ્પષ્ટ બહુમતની સરકાર બની છે. છ દાયકા બાદ આવુ થવા પામ્યું છે. આવા સમયમાં જે ભારતના લોકોની આકાંક્ષાઓને પૂર્ણ કરનાર સરકાર પણ દેશવાસીઓએ ભરોસો દેખાડયો છે.

ભારતના લોકોને પુરો વિશ્વાસ છે કે તેમની આશાઓ મારી સરકાર જ પુરી કરી શકશે. આ ચુંટણી નીતી નિયત નિષ્ઠા અને નિર્ણયો પર વિશ્વાસની ચૂંટણી રહી છે. પ્રમાણિકતા અને કડી મહેનતમાં વિશ્વાસ, સુરક્ષા અને સમૃદ્ધીમાં વિશ્વાસ, સરકારની ગેરંટી અને ડીલીવરી પર વિશ્વાસ, વિકસિત ભારતના સંકલ્પ પર દેશવાસીઓએ વિશ્વાસ દર્શાવ્યો છે. મારી સરકારે દસ વરસોથી સેવા અને સુશાસન ચલાવ્યુ છે તેના પર આ જનાદેશ મહોર છે. ભારતને વિકસીત બનાવાવનુ કામ અટકયા વિના ચાલતુ રહે તે માટે આ જનાદેશ અપાયો છે.

રાષ્ટ્રપતિએ કહ્યુ કે, ૧૮મી લોકસભા અનેકવિધ રીતે ઐતિહાસીક છે. અમૃતકાળમાં રચાયેલી આ લોકસભાનું મહત્વ વિશેષ છે. મને વિશ્વાસ છે કે આ લોકસભામાં જનકલ્યાણનો નવિન અધ્યાય લખાશે. આગામી સમયમાં મારી સરકાર તેમનુ પહેલુ બજેટ રજુ કરશે. આ બજેટ સરકારની દુગામી નીતીઓનુ પ્રભાવી દસ્તાવેજ હશે. આ બજેટમાં આર્થિક મોટા અને સામાજીક નિર્ણયો સાથે અનેક ઐતિહાસીક કદમ જોવા મળી આવશે. ભારતના તેજ વિકાસની જનઆંકાક્ષાઓને પુરા કરવા રીફોર્મની ગતી હવે વધુ તેજ કરવામા આવશે. દુનીયાભરના નીવેશકોને આકર્ષિત કરવા દેશમાં સ્વસ્થ સ્પર્ધા છે. રાજયોના વિકાસથી દેશના વિકાસ એ જ ભાવના સાથે આપણે આગળ વધતા રહીએ. ભારત આજે દુનીયામાં તેજીથી આગળ વધતી અર્થવ્યવસથા બની ગઈ છે. ભારતનો વિકાસ આઠ ટકાના દરે થવા પામી રહ્યો છે. આ વિકાસ સામાન્ય સંજોગામાં નથી થયો, ગત વરસે આપણે એક સદીની સૌથી મોટી મહામારી જોઈ છે. છતા ભારતે આ વિકાસ દર હાંસલ કર્યો છે. આજે ભારત દુનીયાના વિકાસમાં ૧૫ ટકાનું યોગદાનઆપે છે. મારી સરકાર હવે ભારતને ત્રીજી ઈકોનોમી બનાવવા પ્રયત્નશીલ છે જે વિકસીત ભારતના પાયાને મજબુત કરવાનુ કામ કરશે. તેઓએ કહ્યુ કે, મારી સરકાર અર્થવ્યયસ્થાના ત્રણ સ્તંમ ખેતી, મેન્યુફેકચરીંગ અને સર્વીસ સેકટર ત્રણેયેને સમાંતર મહત્વ આપી રહી છે.

### રાષ્ટ્રપતિના અભિભાષણના મુખ્ય અંશ

● ભારતના ખેડુતોને પ્રોત્સાહન આપવા પ્રાકૃતિક ખેતી પર ભાર ● ૮૦ કરોડથી વધુ લોકોને મફત રાશન અપાયુ

### દક્ષિણ આફ્રિકાએ

હતો. આ પછી રીઝા હેન્ડ્રિક્સના ૨૯ રન અને એડન માર્કરામની ૨૩ રનની અણનમ ઈનિંગે સાઉથ આફ્રિકાને એકતરફી જીત અપાવી હતી. હવે દક્ષિણ આફ્રિકાની ટીમ ૨૯ જૂને ફાઈનલ રમશે.ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવા આવ્યા બાદ અફઘાનિસ્તાનની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી. રહેમાનુલ્લા ગુરબાઝ ખાતુ ખોલાવ્યા વગર જ આઉટ થયો હતો. માર્કો જોન્સને તેને પેવેલિયનનો રસ્તો બતાવ્યો હતો. આ પછી ગુલબદ્દીન નાયબ પણ ૯ રન બનાવી માર્કો જોન્સનનો શિકાર બન્યો હતો. ત્યારબાદ રબાડાએ ઈબ્રાહિમ ઝદરાનને આઉટ કર્યો હતો. ઈબ્રાહિમ ઝદરાને માત્ર ૨ રન બનાવ્યા હતા. આ જ ઓવરમાં મોહમ્મદ નબીને પણ કાગિસો રબાડાએ આઉટ કર્યો હતો.

નબી ખાતું પણ ખોલાવી શક્યો ન હતો. નંગેલિયા ખારોટે પણ ૨ રન બનાવીને વોકઆઉટ થયો હતો અને જોન્સન પણ તેનો શિકાર બન્યો હતો. અફઘાનિસ્તાને ૨૮ રનના સ્કોર પર છઠ્ઠી વિકેટ ગુમાવી દીધી હતી. અઝમતુલ્લા ઉમરઝાઈ ૧૦ રન બનાવીને આઉટ થયો હતો. એનરિક નોર્ટજે તેને પેવેલિયનનો રસ્તો બતાવ્યો. દક્ષિણ આફ્રિકાના બોલરોએ માત્ર ૫૬ રનમાં જ અફઘાનિસ્તાનની આખી ટીમને બરબાદ કરી દીધી હતી. દક્ષિણ આફ્રિકા તરફથી તબરેઝ શમ્સી અને માર્કો જોન્સને સૌથી વધુ ૩-૩ વિકેટ લીધી હતી. જ્યારે કાગીસો રબાડા અને એનરિક નોર્ટજેને ૨-૨ સફળતા મળી હતી.

### ભાજપના દિગ્ગજ નેતા

અડવાણી છે. અડવાણીના પુત્ર અનેપુત્રી બંને રાજકારણથી દૂર છે.

### ઉત્તર પ્રદેશે શિક્ષકો

જૂની પેન્શન યોજનામાં સમાવેશ કરવા તથા અન્ય બાબતો પર સમાધાન થયું હતું. આ સમાધાન બાદ તત્કાલિન શિક્ષણમંત્રી જીતુ વાઘાણીએ જાહેરાત પણ કરી હતી. ઉપરાંત મુખ્યમંત્રીએ પણ આ નિર્ણયથી સમગ્ર રાજયને અવગત કર્યા હતા. ઉપરાંત ફિક્સ પગારમાં નિમણૂક પામેલા વિદ્યાસહાયકો, શિક્ષણ સહાયકો તથા તથા અન્ય સહાયકોની પાંચ વર્ષની ફિક્સ પગારની નોકરી સરકાર દ્વારા ઠરાવ બહાર પાડી બઢતી, પ્રવરતા તથા પેન્શન હેતુથી સળંગ ગણેલી છે. શૈક્ષિક મહાસંઘની માગણી તમામ શિક્ષકો અને કર્મચારીઓને ઓલ્ડ પેન્શન યોજનામાં સમાવેશ કરવાની છે, પરંતુ સમાધાન સમયે સરકાર દ્વારા સ્વીકારેલા ૨૦૦૫ પહેલાંનો આજ દિન સુધી ઠરાવ ન થતા શિક્ષકો તથા કર્મચારીઓમાં આક્રોશ ફેલાયો છે. ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા ૨૦૦૫ પહેલા નિમણૂક પામેલા શિક્ષક તથા કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં સમાવવા ઠરાવ કરાયો છે. આ અગાઉ કેન્દ્ર સરકાર, મહારાષ્ટ્ર સરકાર તથા વિવિધ રાજ્ય સરકારો દ્વારા ૨૦૦૫ પહેલા નિમણૂક પામેલા શિક્ષક તથા કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં સમાવેલા છે. ભાજપ શાસિત ગુજરાતના શિક્ષક તથા કર્મચારીઓના હિતમાં આ બાબતોને ધ્યાને લઈ વિધાનસભા ચૂંટણી પહેલા થયેલા સમાધાન અનુસાર ૧ એપ્રિલ, ૨૦૦૫ પહેલા નિમણૂક પામેલા શિક્ષક તથા કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં સમાવવાનો ઠરાવ બહાર પાડવામાં આવે તેવી અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા માગણી કરવામાં આવી છે.


# બન્નીમાં શાળા પ્રવેશોત્સવ યોજાયો



ભુજ : રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા શાળા પ્રવેશોત્સવ ઉજવાઈ રહ્યો છે, ત્યારે છેવાડાના બન્ની વિસ્તારમાં કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલે રાજ્ય સરકાર દ્વારા ચાલતા વિવિધ શિક્ષણ અંગે માર્ગદર્શન આપ્યું હતું. બન્ની વિસ્તારમાં વિકાસની ગાથાઓ અને શિક્ષણમાં જનજાગૃતિ લાવવા માટેનું ખાસ મહત્વ સમજાવ્યું હતું. કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ વિનોદભાઈ વરસાણી, તાલુકા ભાજપ પ્રમુખ ભીમજી જોધાણી, જિલ્લા પંચાયત ભીરંડિયારાના સદસ્ય ફકીરમામદ ઈસ્માઈલ રાયમશી, ભીરંડિયારા રેઢારવાંઢ, ભંડારીવાંઢ, મારવાડા વાસ, મીસરડિયારો, મદનનેરી, મીસડિયારો, માધ્યમિક શાળામાં પ્રવેશ અપાયો હતો. આ પ્રસંગે વિવિધ ગામના સરપંચ ખાનમામદ રાયશી, બુધાભાઈ બભા, મુભીન રાયશી, અબ્દુલ કલામ, પુના રાયશી, કમાલશા, મનજી હીરાભસર, હિરા વસાયા અને આજુબાજુના વાલીઓ અને પ્રવેશ કરેલા નાના ભુલકાઓ હાજર રહ્યા હતા.

# કચ્છના ૪૫૦ હરિભક્તોનો સમૂહ રાજકોટ સ્થિત મહંતસ્વામી મહારાજના દર્શને





ભુજ : ભગવાન સ્વામિનારાયણના છઠ્ઠા આધ્યાત્મિક વારસદાર અને બીએપીએસ સંસ્થાના અધ્યક્ષ એવા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ હાલ રાજકોટમાં કાલાવડ રોડ સ્થિત બીએપીએસ મંદિર ખાતે બિરાજે છે. ન્યૂજર્સી અમેરિકા ખાતે અક્ષરધામ અને યુએઈમાં અબુધાબી ખાતે બીએપીએસ હિન્દુ મંદિરના નવનિર્માણ દ્વારા સનાતન હિન્દુ ધર્મના ગૌરવને વિશ્વમાં ઉજાગર કરી પુનઃ ભારતમાં પધારી, સંતો ભક્તોને દર્શન દાનનું સુખ આપી રહેલા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ હાલ રાજકોટ ખાતે બિરાજે છે. તેઓના દર્શનથી અંતરમાં શાંતિની અનુભૂતિ થાય છે. એવા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ દરરોજ સવારે મંદિર પર ભગવાનના દર્શન બાદ નિત્યપૂજા કરતા હોય છે. જેમાં હજારો હરિભક્તો તેઓની પૂજાના દર્શન કરતા હોય છે. તા.૨૩-૬ના સવારે પ્રાતઃ પૂજાના દર્શન માટે કચ્છમાંથી ભુજ, ગાંધીધામ, અંજાર એમ અનેક ગામોના હરિભક્તો કુલ ૪૫૦થી વધુ સંખ્યામાં હરિભક્તોએ દર્શન કર્યા જેમાં ૨૭૦ જેટલા મહિલા ભક્તો અને ૧૮૦ જેટલા પુરુષ ભક્તોનો સમાવેશ થાય છે. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રાતઃ પૂજા દરમિયાન કિર્તન ભક્તિ થતી હોય છે. એ કિર્તનભક્તિનો પણ કચ્છના યુવા મિત્રોએ લાભ પ્રાપ્ત કયો હતો. જેમાં ભગવાન સ્વામિનારાયણના કચ્છના લીલા ચરિત્રોના પદોની ખુબ સુંદર રીતે પ્રસ્તુતિ કરી હતી. ગુરુહરી મહંત સ્વામી મહારાજે પણ દરેક ભક્તો ઉપર આશીર્વાદ વરસાવ્યા અને સૌ પર રાજીપો વ્યક્ત કર્યો અને ભુજનું શિખરબધ્ધ મંદિર અક્ષરપુરષોત્તમ મહારાજ બિરાજમાન થાય. હરિભક્તોને દર્શનનું સુખ પ્રાપ્ત થાય તેવા આશીર્વાદ પ્રાપ્ત કરેલા હતા. કચ્છના આ તમામ ભક્તો માટે તેઓએ પ્રાર્થના કરી છે કે સર્વે હરિભક્તો તન, મન, ધન સર્વેપ્રકારે સુખી રહે. આગામી વર્ષ ખૂબ જ સારું થાય. વરસાદ ખૂબ સારા થાય એ માટે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પ્રાર્થના કરી છે. કચ્છના સંતોએ કચ્છના હરિભક્તો વતી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને હારતોરાથી વધાવ્યા હતા અને સાથે આશીર્વાદ પણ પ્રાપ્ત કર્યા હતા.

# ભુજવાસીઓના ધૈર્યનો અંત : સુધરાઈ અને વીજ તંત્ર સામે ભભૂક્યો જનાક્રોશ

ભુજ : ચોમાસાની સિઝન હજુ શરૂ જ થઈ છે કચ્છમાં ગરમી અને ઉકળાટ યથાવત છે તેવામાં સુધરાઈ અને વીજ તંત્રની લાપરવાહીના કારણે ત્રસ્ત ભુજવાસીઓનો પારો સાતમા આસમાને પહોંચ્યો છે.

ગત રાત્રિએ વીજળીના સતત ધાંધિયાથી ત્રસ્ત મુન્દ્રા રિલોકેશન સાઈટ, ભક્તિપાર્ક સોસાયટી અને એરપોર્ટ રોડ પર આવેલી સોસાયટીઓના રહેવાસીઓએ પીજીવીસીએલ કચેરીએ મોરચો માંડ્યો હતો આજે શહેરના દાદુપીર રોડ પર સુધરાઈની લાપરવાહીના કારણે ખુલ્લી ગટરના ખાડામાં પડી જતા ગાયમાતાના મોતથી ભુજવાસીઓના આરોપ જોવા મળ્યો હતો.

ભુજ નગરપાલીકા કચેરીના મુખ્ય ગેટ સામે ગાયનો મૃતદેહ રાખી શહેરીજનો અને જીવદયા પ્રેમીઓએ ધરણા કર્યા હતા.

## વીજ ધાંધિયાથી ત્રસ્ત શહેરીજનોએ પીજીવીસીએલ સામે માંડ્યો મોરચો



**ચોમાસુ વરસાદની શરૂઆતે જ વીજ તંત્રની પ્રિ-મોન્સૂન કામગીરીની પોકળતા થઈ પાધરી : કલાકો સુધી વીજ પુરવઠો ઠપ્પ રહેતા ભુજવાસીઓ અકળાયા : ભક્તિપાર્ક, સ્વામિનારાયણ સોસાયટી, મુન્દ્રા રિલોકેશન સાઈટ ઉપરાંત એરપોર્ટ રોડ પરની વિવિધ સોસાયટીઓના રહેવાસીઓએ પીજીવીસીએલની કચેરીએ કરી ઉગ્ર રજૂઆત : વીજ વિભાગના જવાબદારોએ દાદ ન આપતા જિલ્લા કલેક્ટરના ઘેર પહોંચ્યો મોરચો**

ભુજ : શહેરમાં ચોમાસુ વરસાદના પ્રારંભે માંડ અડધો ઈંચ જેટલો વરસાદ થયો છે. તેવામાં જ વીજ વિભાગની પ્રિ-મોન્સૂન કામગીરી પોકળતા છતી થઈ ગઈ છે. જિલ્લા મથક ભુજમાં ચોમાસુ વરસાદના પ્રારંભ સાથે જ રાબેતા મુજબ વીજ ધાંધિયા શરૂ થઈ ગયા છે. શહેરના મુન્દ્રા રિલોકેશન સાઈટ, મુન્દ્રા રોડ પર આવેલ વિવિધ સોસાયટીઓ, કેમ્પ વિસ્તાર, એરપોર્ટ રોડ પર આવેલી વિવિધ સોસાયટીઓમાં વારંવાર વીજ ધાંધીઆ અને કલાકો સુધી વીજ પુરવઠો ઠપ્પ થઈ થવાની ઘટનાઓ બાદ ભુજવાસીઓના ધૈર્યનો અંત આવ્યો હોય તેમ ગત રાત્રિએ શહેરના વિવિધ વિસ્તારોમાંથી લોકો ભુજની પીજીવીસીએલ કચેરીએ મોરચા સ્વરૂપે પહોંચ્યા હતા. લાઈટના ધાંધિયાથી ત્રસ્ત ભુજવાસીઓના હલ્લાબોલથી માહોલ ગરમાયો હતો. રાત્રિના સમયે પીજીવીસીએલ કચેરી પર જવાબદાર અધિકારીઓ-ઈજનેર હાજર ન હોતા લોકોએ તેમને કચેરીએ બોલાવવા માંગ કરી હતી. જોકે, પીજીવીસીએલના કર્મચારીઓએ ઉડાઉ જવાબ આપતા ઉગ્ર બોલાચાલી થઈ હતી. એક સમયે વીજ તંત્રના કર્મચારીઓએ પોલીસને બોલાવી લીધી હતી.

ગત રાત્રે પ્રથમ ભક્તિપાર્ક, સ્વામિનારાયણ નગરના રહેવાસીઓ ત્યારબાદ ક્રમશઃ મુન્દ્રા રિલોકેશન સાઈટ અને એરપોર્ટ રોડ પરની વિવિધ સોસાયટીના લોકો મોરચો લઈ વીજ કચેરીએ પહોંચ્યા હતા. ભુજવાસીઓએ રોષભેર જણાવ્યું કે, પીજીવીસીએલની પ્રિ-મોન્સૂન કામગીરી ખાડે ગઈ છે. વરસાદ આવે કે ન આવે વીજ ધાંધિયા નિયમિત થતા રહે છે. વીજ બીલ ભરવામાં મોડું થાય તો વીજ કનેકશન કાપવા તંત્ર તરત જ દોડી આવે છે પણ લોકો કલાકો સુધી વીજળી વગર પરેશાન થઈ રહ્યા છે ત્યારે તંત્ર તેની દરકાર લેતું નથી. કલાકો સુધી લાઈટ જતી રહે છે ત્યારે બિમાર દર્દીઓ, નાના બાળકોની હાલત દયનીય બનતી હોય છે. વીજ ખોટીપા ટાંકણે મોબાઈલ મારફતે વીજ તંત્રનો સંપર્ક થઈ શકતો નથી. ફરિયાદો નોંધવામાં પણ લોકોને પારાવા હાલકી ઉઠાવવી પડી રહી છે. ભુજવાસીઓએ આ મામલે ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ આગળ આવે અને વીજ તંત્રનું પુછાણું લે તેવી માંગ કરી હતી.

ગતરાત્રિએ પીજીવીસીએલ કચેરી રજૂઆત કર્તાઓને યોગ્ય જવાબ ન મળતા લોકો પોતાની વ્યથા રજૂ કરવા જિલ્લા કલેક્ટરના ઘેર પહોંચ્યા હતા. જિલ્લા કલેક્ટર અમીતભાઈ અરોરાએ રજૂઆત સાંભળી વીજ તંત્રને તત્કાલક કાર્યવાહી કરવા સૂચના આપતા મામલો શાંત થયો હતો.

## ખૂલ્લી ગટરમાં ખાબકતા ગાય માતાના મોતથી અરેરાટી





**શહેરના દાદુપીર રોડ પર ખુલ્લી ગટરમાં પડી જતા ગાયમાતાનું થયું હતું મોત : શહેરના ગૌભક્તો અને જીવદયાપ્રેમીઓ દ્વારા સુધરાઈ કચેરી સોમ ધરણા : ગાયના મૃતદેહને કચેરીના મુખ્ય ગેટ સોમ રાખવી બોલાવી સામૂહિક રામધૂન : સુધરાઈ તંત્ર શહેરમાં ઢોરને રખડતા મૂકનાર પશુપાલકો અને ગટરના ઢાંકણા ચોરી જતા તત્ત્વો સામે ફરિયાદ નોંધાવશે : ચીફ ઓફિસર**

ભુજ : શહેરના ચીભડ ચોરી કરતા તત્ત્વોનો અધમ દિનપ્રતિદિન વધી રહ્યો છે. તસ્કરો શહેરની ગટરની ચેમ્બરો પરથી ઢાંકણાઓ ચોરી કરી જતા હોય છે. શહેરના દાદુપીર રોડ પર આવેલી એક ખુલ્લી ગટરમાં પડી જવાથી ગાયમાતાનું મોત નીપજ્યું હતું. એક જ મહિનાના ટુંકાગાળામાં શહેરમાં આવી ત્રીજી ઘટના બની છે. શહેરમાં ઠેરઠેર ખુલ્લી પડેલી ગટરમાં અવાર-નવાર ઢોર પડી જવાના કે અકસ્માતના નાના-મોટા બનાવો બનતા રહે છે. સુધરાઈ તંત્ર સમક્ષ વારંવાર રજૂઆતો થતી રહે છે પણ તંત્ર દ્વારા નક્કર કામગીરી ન થતા ગઈકાલે વધુ એક ગાયમાતા સુધરાઈ તંત્રની નિંભરતાનો ભોગ બની હતી. ખુલ્લી ગટરમાં અકસ્માતે ખાબકતા ગાયમાતાનું મોત નીપજ્યું હતું. જેથી શહેરના ગૌ સેવકો અને જીવદયાપ્રેમીઓમાં ભારે આક્રોશ ભભૂકી ઉઠ્યો છે. જીવદયા પ્રેમીઓએ આજે ગાયના મૃતદેહને ભુજ સુધરાઈ કચેરીના મુખ્ય ગેટ સામે મુકી દઈ ધરણા પ્રદર્શન કર્યા હતા. ગૌભક્તોએ સામૂહિક રામધૂન બોલાવી પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો. શહેરની ખુલ્લી ગટર બાબરતે ચીફ ઓફિસર સમક્ષ રજૂઆત કરી જવાબદારો સામે ફરિયાદ દાખલ ન થાય ત્યાં સુધી વિરોધ પ્રદર્શન ચાલુ રાખવાની ચિમકી ગૌભક્તોએ ઉચ્ચારી હતી. ભુજ સુધરાઈના ચીફ ઓફિસર જીગર પટેલે જણાવ્યું હતું કે, શહેરમાંખુલ્લી પડેલી ગટરની ચેમ્બરોને સુધરાઈ પાસે ઉપલબ્ધ ઢાંકણાઓના સ્ટોક અનુસાર બંધ કરવાની કામગીરી કરવામાં આવશે. આ ઉપરાંત ગટરના ઢાંકણા ચોરી જતા તત્ત્વો સામે ફરિયાદ દાખલ કરવામાં આવશે. શહેર સુધરાઈની વારંવારની તાકીદ છતાં શહેરમાં પોતાના ઢોરને રખડતા મૂકનાર પશુપાલકો સામે પણ કાયદાની જોગવાઈ અનુસાર પગાલ લેવાશે તેવું વધુમાં જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, શહેર સુધરાઈ દ્વારા સમયાંતરે રખડતા ઢોરોને પકડવાની ઝુંબેશ ચલાવવામાં આવે છે પરંતુ પશુ માલિકો તંત્રની નોટીસને ધ્યાને લેવાના બદલે પોતાના ઢોરને શહેરમાં રખડતા મૂકી દે છે. આવનાર સમયમાં તંત્ર દ્વારા કડક કાર્યવાહી થશે. તેવી ખાતરી તેમણે જીવદયાપ્રેમીઓને આપી હતી.

## ભુજના ધારાસભ્ય સમક્ષ વીજ ધાંધિયાની કરાઈ રજૂઆત



ભુજ : ગતરાત્રિએ ભુજની પીજીવીસીએલ કચેરીએ વીજ ધાંધિયાઓથી ત્રસ્ત ભુજવાસીઓએ મોરચો માંડ્યા બાદ વિપક્ષી નગર સેવકો સાથે ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલના ઘેર પણ વીજ ધાંધિયાની ફરિયાદ કરવા લોકો પહોંચ્યા હતા. વીજતંત્રના હેલ્પલાઈન અને ફરિયાદ નોંધાવવાના નંબર કોઈ ઉપાડતું ન હોવાની ફરિયાદ કરાઈ હતી.

આ અંગે ધારાસભ્ય કેશુભાઈ પટેલે જણાવ્યું હતું કે, ભુજ શહેરની વીજ સમસ્યા અંગે પીજીવીસીએલના જવાબદારો અને જિલ્લા કલેક્ટર સાથે તેમણે અગાઉ વાત કરી છે.

આજે જિલ્લા સમાહર્તાના અધ્યક્ષસ્થાને વીજ વિભાગના અધિકારીઓની એક બેઠક પણ યોજાશે.

પીજીવીસીએલ ના કર્મચારીઓ ફોન ઉપાડતા ન હોવાની ફરિયાદ બાબતે તેમણે તંત્રનું ધ્યાન દોર્યું છે અને જવાબદાર કર્મચારીઓ અચૂક ફોન રિસિવ કરે તેવી તાકીદ પણ કરી છે તેવું ધારાસભ્યએ વધુમાં જણાવ્યું હતું.

## ધારાસભ્ય અનિરૂદ્ધ દવેની અધ્યક્ષતામાં ગઢશીશામાં શાળા પ્રવેશોત્સવ ઉજવાયો





**બાલવાટિકા અને પહેલા ધોરણમાં ૭૨ ભૂલકાઓને પ્રવેશ અપાયો : દાતા પરિવાર દ્વારા સ્કૂલ બેગ સહિત તેજસ્વી છાત્રોનું સરસ્વતી સન્માન કરાયું : બાળકોમાં ચારિત્ર્ય સાથેના સંસ્કારોનું સિંચન થાય તે માટે માવતર - માસ્તર સાથે સરકાર પણ કટિબદ્ધ : અનિરૂદ્ધ દવે**

ગઢશીશા : ભાવિ પેઢીને સારા શિક્ષણ સાથે સારા સંસ્કારોના સિંચન સાથે ચારિત્ર્ય નિર્માણ થાય તે માટે માવતર - માસ્તર સાથે રાજ્ય અને રાષ્ટ્રની સરકાર કટિબદ્ધ હોવાનો વિશ્વાસ વ્યક્ત કરતાં ધારાસભ્ય અનિરૂદ્ધભાઈ દવેએ વાલીઓ અને શિક્ષકોની જાગૃતતા માટે અભિનંદન આપતા ગઢશીશા કન્યા શાળા - કુમાર શાળા અને મફતનગર પ્રા. શાળામાં ધોરણ-૧માં અને બાલવાટિકામાં ૭૨ ભૂલકાઓને પ્રવેશ આપ્યો હતો.

ગઢશીશામાં માતૃશ્રી મણિવે રતશી વેલજી ગડા કન્યા શાળામાં ધારાસભ્ય અનિરૂદ્ધભાઈ દવેની અધ્યક્ષતામાં યોજાયેલ પ્રવેશોત્સવ ઉજવણી કાર્યક્રમમાં સરપંચ કોમલબેન સંજયગિરિ ગોસ્વામી, તાલુકા ભાજપ મહામંત્રી મહેન્દ્રભાઈ રામાણી, તા.પં. સદસ્ય હરેશભાઈ રંગાણી, ઉપસરપંચ વિજયભાઈ છાભૈયા, કુમાર શાળાના દાતા પરિવારના હેમચંદભાઈ લીલાધર દેઢિયા, બક્ષીપંચ મોરચાના પ્રમુખ રાજેન્દ્રગિરિ ગોસ્વામી, અબ્દુલભાઈ ઉમર રાયમા, કાસમભાઈ રાયમા, રાજવી બારોટ, સુરેશ બારોટ સહિત અગ્રણીઓ, વાલીઓ ઉપસ્થિત રહી શાળા પ્રવેશોત્સવને પ્રોત્સાહિત કર્યા હતા.

આ પ્રસંગે શિક્ષક વિઠલભાઈ વણકરના માર્ગદર્શન હેઠળા શાળાના જિલ્લા રમત ગમત કાર્યક્રમમાં જિલ્લામાં પ્રથમ અને દ્વિતીય નંબર મેળવનાર છાત્રોનું સન્માન કરાયું હતું. આ સાથે શૈક્ષણિક વિકાસમાં યોગદનાર આપનાર દાતા પરિવારોનું ધારાસભ્યના હસ્તે સન્માન કરાયું હતું. મહાનુભાવોના હસ્તે દિપ પ્રાગટય બાદ શાળા પ્રવેશોત્સવના લાયઝન અધિકારી બીઆરસી કો-ઓડીનેટર મેહુલભાઈ શાહ, ભરતભાઈ મહેતાએ માર્ગદર્શન કર્યું હતું. આચાર્ય જીજ્ઞેશ ભાવસારે શાબ્દિક સ્વાગત કર્યું હતું. આયોજનને સફળ બનાવવા શિક્ષક સ્ટાફના છાયાબેન, સૂર્યાબેન, કૈલાસબેન, હેતલબેન, જાસ્મીનબેન, ભૂમિબેન ગોસ્વામી, રિન્કુબેન વગેરેએ જહેમત ઉઠાવી હતી. કાનજીભાઈ મહેશ્વરીએ શાળાની શૈક્ષણિક સિદ્ધિઓ વર્ણવી હતી. સંચાલન શાળાની વિદ્યાર્થીઓ સાથે મફતનગર શાળાના આચાર્ય મણિલાલભાઈ ધોળુએ સહયોગ આપ્યો હતો. આભારવિધિ કુમાર શાળાના આચાર્ય ગીતાબા વાઘેલાએ કરી હતી.

## કચ્છની દીકરીએ ઉપસચિવ તરીકે પોતાના વતનમાં શાળા પ્રવેશોત્સવ કરાવ્યો



નખત્રાણા : તાલુકા કોટડા (જડોદર )ના વતની નિકિતાબેન વી. ખેતાણી ઉપસચિવ નાણાં વિભાગ (બજેટ ) પ્રથમ દિવસે નખત્રાણા તાલુકાના ધાવડા, નાના અંગીયા, સાંગનારા શાળામાં કન્યા કેળવણી તેમજ શાળા પ્રવેશોત્સવમાં હાજરી આપીને નાના ભૂલકાઓને આંગણવાડી તેમજ શાળા પ્રવેશોત્સવ કરાવ્યો હતો. શાળા પ્રવેશ બાદ વિધાર્થીઓમાં ડ્રોપ આઉટ ન થાય તે જોવા માટે વાલીઓને ખાસ અપીલ કરી હતી. સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલ વિવિધ યોજનાઓ વિશે માહિતી આપીને, બાળકોના શિક્ષણ બાબતે વાલીઓને ખાસ અપીલ કરી હતી. વિધાર્થીઓને પાણી બચત તેમજ પર્યાવરણ વિશે સજાગ રહીને ઘર દીઠ ઓછામાં એક વૃક્ષ વાવીને તેનું જતન કરીને પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલ બનવાનું જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે,નખત્રાણા તાલુકાના કોટડા (જડોદર)ના રહેવાસી પિતા વિનોદભાઈ ખેતાણી જેઓએ નખત્રાણા તાલુકા પંચાયત ના પ્રમુખ તરીકે તેમજ જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે સેવા આપી છે. નિકિતબહેને પોતાના શૈક્ષણિક કારકિર્દી દરમ્યાન વિવિધ સંશોધન કરીને કેન્સર જેવા રોગની સારવાર માટે સંશોધન પણ કર્યું હતું. જેમાં તેમને સફળતા મળી હતી. આણંદપર ગામના શિક્ષક દંપતિ ધોળુ મુકતાબેન ભગવાનજીભાઈના પુત્ર વિવેકભાઈ સાથે લગ્ન થતાં, શાળા અને શિક્ષણ બાબતે તેમને ખાસ રૂચિ રહી છે. સ્પર્ધાત્મક પરીક્ષા જીપીએસસી પરીક્ષા બાદ સેકસન અધિકારી તરીકેની પોસ્ટ મેળવી. સેકશન અધિકારી તરીકે પોસ્ટ મેળવ્યા બાદ પ્રમોશન મેળવીને ગુજરાત રાજ્યના નાણા વિભાગ (બજેટ)માં ઉપસચિવ બન્યા છે. અધ્યક્ષ હરસુખભાઈ દ્વારા વિવિધ શૈક્ષણિક યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. ખોભડીના સીઆરસીકો ઓર્ડીનેટર યોગેશ પટેલ, નાના અંગીયાના આચાર્ય કાળુભા વી. ચૌહાણ, મફતનગરના આચાર્ય વિજય પટેલ, ઉપસરપંચ વિનોદભાઈ, એસએમસી સભ્યો, ગ્રામ પંચાયત સભ્યો હાજર રહ્યા હતા.

## મુંદરાની કન્યા વિદ્યાલયની ૧૩ છાત્રાઓને ડીહાઈડ્રેશન થતા સારવાર માટે ખસેડાઈ





મુંદરા : કચ્છ જિલ્લામાં ચોમાસાના પ્રારંભે છુટા છવાયા વરસાદ સાથે અકળાવનારી ગરમીનો દોર યથાવત રહ્યો છે. આજે સવારે મુંદરાની સી. કે.એમ. કન્યા વિદ્યાલયની ૧૩ જેટલી છાત્રાઓએ ભારે ગરમી અને ઉકળાટના કારણે ડીહાઈડ્રેશન થતા સારવાર માટે ખસેડવામાં આવી હતી.

આ અંગે પ્રાપ્ત થતી વિગત મુજબ મુંદરા શહેરમાં પ્રખર ગરમી અને બફારાથી શહેરીજનો અકળાઈ રહ્યા છે. વાદળછાયા વાતાવરણ વચ્ચે ગરમીના આકરા તેવરથી બાળકોની હાલત કફોળી બની છે. આજે સીકેએમ કન્યા વિદ્યાલયની ૧૩ જેટલી છાત્રાઓને ગભરામણ સાથ ડીહાઈડ્રેશનની અસર થતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાઈ હતી. સાત વિદ્યાર્થીનીઓને સરકારી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપી રજા અપાઈ હતી. જયારે છ વિદ્યાર્થીઓને અદાણી હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી. બનાવની જાણ થતા મુંદરા શહેરના અગ્રણીઓ, શહેર ભાજપના આગેવાનો વગેરે દોડી આવ્યા હતા. તમામ છાત્રાઓની હાલત ભયમુક્ત હોતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

## ભદ્રેશ્વર, ટુંડાવાંઢ અને કાંડાગરાની શાળામાં પ્રવેશોત્સવ ઉજવાયો



મુંદરા : તાલુકાના ટુંડાવાંઢ, કાંડાગરા અને ભદ્રેશ્વરની શાળામાં પ્રવેશોત્સવ ઉજવાયો હતો. ભદ્રેશ્વરની શાળામાં ૭૦ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાવતા નરેશભાઈ ચૌહાણે જણાવ્યું હતું કે, સરકારની ભણતર માટે અનેક યોજનાઓ છે. જેનો બાળકોને લાભ લેવા કહ્યું હતું. આ પ્રસંગે બગલા કંપની દ્વારા શાળાના વિદ્યાર્થીઓને બેગલ આપવામાં આવી હતી. ગામના ક્ષત્રિય અગ્રણી વિજયસિંહ જોરૂભા જાડેજા દ્વારા પુસ્તકો, બોલપેન આપી પ્રવેશ કરાવ્યો હતો. જિ.પં.ના સભ્ય કૈલાશબા પ્રધ્યુમનસિંહ જાડેજા, પૂર્વ સરપંચ ઉમર કુંભાર, તા.પં. સભ્ય બાપાલાલ જાડેજા, પ્રતિપાલસિંહ જાડેજા, શાળાના આચાર્ય હિતેશભાઈ સહિત ગામના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ટુંડાવાંઢ, કાંડાગરા ગામે શાળા પ્રવેશોત્સવ પ્રસંગે ધારાસભ્ય, તા. પં. પ્રમુખ મહિપતસિંહ જાડેજા, તાલુકા ભાજપના મહામંત્રી કિર્તિભાઈ ગોર, તા.પં.ના ઉપપ્રમુખ સોમાભાઈ રબારીની હાજરીમાં પ્રવેશોત્સવ ઉજવાયો હતો. ધારાસભ્યે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ નિયમિત શાળામાં મુકવા વાલીઓને જણાવ્યું હતું. સરકારની વિવિધ યોજનાઓનો લાભ લેવા જણાવ્યું હતું. તાલુકા ભાજપના મહામંત્રી કિર્તિ ગોરે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓને કોઈ મદદ જોતી હોય અથવા આગળ વધુ ભણવું હોય તો સ્થાનિક લોકો આર્થિક મદદરૂપ બનશે તેવું જણાવ્યું હતું. આ પ્રસંગે ટાટા ગ્રુપના હેડ અતુલભાઈ, પ્રણવ દવે, અમિત જોષી, કરશનભાઈ ગઢવી, તાલુકા શિક્ષણ સમિતિના અધિકારીઓ સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ગાંધીધામમાં મારી નાખવાની ધમકી મળતા યુવકે મોતને વ્હાલું કર્યું

**વરલીમાં મામાના વિયોગમાં ભાણેજનો આપઘાતઃ મુંદરામાં કેન્સરની બિમારીથી એસીડ પી જનાર મહિલાનું મોત : કાર્ગોમાં ઘરકંકાસમાં કીટકો મારવાની દવા પરિણીતા માટે બની જીવલેણ**

ભુજ : જિલ્લામાં અપમૃત્યુના બનાવોમાં વધારો નોંધાઈ રહ્યો છે ત્યારે વધુ ચાર ઘટના ચોપડે ચડી હતી. ભુજ તાલુકાના વરલી ગામે રહેતા ૨૦ વર્ષિય અશ્વિનભાઈ સામજીભાઈ કાનજીભાઈ મકવાણા (આહિર)એ ગત તા. ૩૧-૫ના કરશનભાઈ હમીરભાઈ મકવાણાની વાડીએ પોતાની જાતે ઘાસ બાળવાની દવા પી લેતા ઝેરી અસર થવાથી સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. બાદમાં અમદાવાદ ખસેડાયા હતા. જેઓનું ગંભીર ઈજાઓના કારણે ૮ જુનના મોત થયું હતું. જે અંગે પધ્ધર પોલીસમાં એડી દાખલ કરવામાં આવી છે. હતભાગીના મામા સામજીભાઈ બાબુભાઈ બરારીયા અગમ્ય કારણોસર મોતને ભેટ્યા હોઈ મનમાં લાગી આવતા ભાણેજે આ પગલું ભર્યું હોવાનું માનવામાં આવે છે.

તો આ તરફ મુંદરા મુસ્લિમ વાસમાં રહેતી મહિલાએ એસીડ પી લેતા મોત થયું હતું. પોલીસ સ્ટેશનેથી મળેલી વિગતો મુજબ હતભાગી ૩૭ વર્ષિય સલમાબાનુ રમઝાન ઈબ્રાહીમ ગોયલને છેલ્લા એક વર્ષથી કેન્સર હતું જેના કારણે શારીરિક - માનસિક રીતે કંટાળી જતા મનમાં લાગી આવતા ઘરે વોશરૂમ સાફ કરવા માટે રાખેલ એસીડ પી લેતા ૧૯ માર્ચથી સારવાર ચાલુમાં હતી. ડિસામાં આવેલી ભણસાલી ટ્રસ્ટની હોસ્પિટલમાં સારવાર દરમ્યાન ૨૩ માર્ચના તેઓનું મોત થતા હોસ્પિટલમાંથી કાગળો આવતા મુંદરા પોલીસમાં એડી દાખલ કરવામાં આવી છે.

જયારે ગાંધીધામમાં કાર્ગો પીએસએલ ઝુપડા ખાતે ઘરકંકાસમાં કિટકો મારવાની દવા પી લેતા મહિલાનું મોત થયું હતું. બી ડિવિઝન પોલીસમાં ગોટેલાલ યાદવે જણાવ્યું કે, ઘરકંકાસના કારણે ૩૦ વર્ષિય રાનીદેવી પ્રકાશ ઠાકુરે કીટકો મારવાની દવા પી લેતા સારવાર દરમ્યાન જી.કે. જનરલ હોસ્પિટલમાં મોત થયું હતું. હોસ્પિટલમાં લઈ આવનાર ગોટેલાલ યાદવે જણાવ્યું કે, નાની બહેનના પતિ રાજુ મંડલે જબરદસ્તી કીટકો મારવાની દવાની ગોળી પીવડાવી દીધી છે. અલબત બી ડિવિઝન પોલીસે હાલમાં અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

ગાંધીધામના મહેશ્વરી નગરમાં યુવકે પોતાના શરીર પર પેટ્રોલ છાંટીને આપઘાત કરી લેતા અરેરાટી વ્યાપી ગઈ હતી. મહેશ્વરીનગરમાં રહેતા અને નગરપાલિકામાં નોકરી કરતા ભાણબાઈ ઉર્ફે ભાવનાબેન વીરજીભાઈ ફફલે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે ગત તા. ૧૮-૬ના સાંજે તેમનો દિકરો ગૌતમ ઘરેથી ૫૦ રૂપિયા લઈને ગયો અને રાત્રે દોઢ વાગ્યે ગૌતમના મિત્ર ગોવિંદ હરજીભાઈ ઉર્ફે હાજા હિંગણા તેમના ઘરે આવ્યો હતો. ગોવિંદે ફરિયાદીને ઘરના આંગણામાં બોલાવીને કહ્યું કે, તમારો દિકરો ગૌતમ મોબાઈલ મારી પાસે ૧૫૦૦ માં ગીરવે રખાવી ગયો છે. મોબાઈલમાં ગોવિંદની બહેન સાથે ગૌતમનો ફોટો હોવાની શંકા રાખી તમારો દિકરો કાલની સવાર નહીં જુએ. સ્મશાન યાત્રાની તૈયારી કરો, તેવી ધમકી આપીને ચાલ્યો ગયો હતો. તેના ગયા પછી ૧૫ મીનીટમાં રાત્રે બે વાગ્યે છત પરથી ગૌતમે કહ્યું કે મમ્મી તારા પૈસા લઈલે, હું જીવનમાંથી જાઉં છું. ગોવિંદ મને મારી નાખવાની ધમકી આપે છે. ફરિયાદી મહિલા છત પર પહોંચે તે પહેલા ગૌતમે પોતાના શરીરે પેટ્રોલ છાંટી જાત જલાવી હતી. તેને સારવાર માટે ભુજ અને બાદમાં અમદાવાદ લઈ જવાયો હતો. જયાં ૨૪ જૂનના સારવાર દરમ્યાન મોત થતા ગોવિંદ સામે મરવા માટે મજબુર કરવાની કલમો તળે ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

## અંજારના ત્રિકમદાસસજી મહારાજ દ્વારા સાહિત્ય, સેવા અને સંગીત ક્ષેત્રે અપાશે ગોવર્ધન એવોર્ડ







**૨૦૨૪ના ઍવૉર્ડ અંતર્ગત સાહિત્ય માટે પન્ના ત્રિવેદી, સંગીત માટે નૂરમામદ સોઢા અને સેવાના ઍવૉર્ડ માટે શાંતિલાલ ઠક્કરનું નામ જાહેર**

અંજાર : અહીંના સચ્ચિદાનંદ મંદિરના મહંત ત્રિકમદાસજી મહારાજે સાહિત્ય, સંગીત અને સેવાના ત્રણ ઍવોર્ડ દર વર્ષે આપવાની જાહેરાત કરી છે. જેની શરૂ આ વર્ષે ૨૦૨૪થી શરૂઆત કરવવામાં આવી છે. આ ‘ગોવર્ધન ઍવોર્ડ’ અંતર્ગત સાહિત્ય માટે પન્ના ત્રિવેદી, સંગીત માટે નૂરમામદ સોઢા અને સેવાના ઍવૉર્ડ માટે શાંતિલાલ ઠક્કરનું નામ જાહેર કરાયા છે.

નોંધનીય છે કે સત્તાપર ગામની બીનઉપજાઉ અને વેરાન જમીન ઉપર તેમણે ગોવર્ધન પર્વત ઊભો કર્યો છે, જ્યાં દરરોજ સેંકડો સહેલાણીઓ અને શ્રધ્ધાળુઓ દર્શને આવે છે. ત્યાં જ આહિર સમાજની કન્યાઓ માટે છાત્રાલય પણ ઊભું થયું છે. જ્યાં જતાં બીક લાગતી એવી જમીનને હરિયાળી કરી નાખવાનું કામ પૂજ્ય ત્રીકમદાસજી મહારાજે કરી દેખાડ્યું છે. જાહેર કરાયેલા ત્રણેય ઍવૉર્ડ એવા વ્યક્તિઓને અપાયાં છે તેમણે પોતપોતાના ક્ષેત્રોમાં કશુંક નવું કર્યું છે. ડૉ. પન્ના ત્રિવેદી દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી સૂરતમાં અધ્યાપક છે. તેમનાં ત્રીસ જેટલાં પુસ્તકો પ્રસિધ્ધ થયાં છે, ટૂંકીવાર્તામાં વર્તમાન સમયમાં તેમનું નામ મોખરાનું ગણાઈ રહ્યું છે. સંગીતનો ઍવૉર્ડ જેમને અપાયો છે તે નૂરમામદ સોઢા આમ એક સામાન્ય માણસ છે, પણ કચ્છનું મૂળ વાદ્ય જોડિયા પાવાને તેમણે જીવતું કર્યું છે. તેમના પાવાના સૂર દેશના સીમાડા વટાવી ગયા છે, સેવા ઍવૉર્ડ મેળવનાર શાંતિલાલ ઠક્કરનું ઉપનામ ‘શાંતિલાલ મસાણી’ છે. કોઈ પણ બિનવારસુ લાશ હોય કે કોઈ જાણીતું માણસ મૃત્યુ પામ્યુ હોય શાંતિલાલ ઠક્કર સ્મશાને પહોંચી જાય અને છેક સુધી રહે. ભૂકંપ વખતે તેમના પોતાના પરિવારમાં મૃત્યુ થયું હોવા છતાં દિવસો સુધી સ્મશાનમાં જ રહીને માનવસેવાનો ધર્મ બજાવ્યો હતો. આ ઍવૉર્ડમાં રોકડ રાશિ, સન્માનપત્ર અને ‘ગોવર્ધન ઍવૉર્ડ’નો સમાવેશ થાય છે. આ ઍવૉર્ડનો અર્પણવિધિ ટૂંક સમયમાં જ થસે તેવું યાદીમાં જણાવાયું છે.



આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ વિરોધી દિવસ નિમિતે ભચાઉ પોલીસ અને લોકો દ્વારા નશામુક્ત ભારત અંગેની રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, જે રેલી ભચાઉ કસ્ટમ બ્રિજથી કસ્ટમ સર્કલ, નગરપાલિકા સર્કલ થઈ પરત નવા બસ સ્ટેશન સુધી કાઢવામાં આવેલ હતી. રેલીમાં પોલીસ સ્ટાફ દ્વારા નાગરિકોને નશા મુક્તિ અંગેની સમજ કરવામાં આવેલ તેમજ ડ્રગ્સ જેવા વ્યસનોથી દુર રહેવા સમજ આપવામાં આવી છે. ભચાઉ પોલીસ સ્ટાફ, ટીઆરબી સભ્યો તેમજ નાગરિકો રેલીમાં જોડાયા હતા.

## મુન્દ્રામાં તત્કાલ લાયસન્સ રજીસ્ટ્રેશન ઈસ્યૂ કેમ્પ

મુન્દ્રા : ઈઝ ઓફ ડુઈંગ અંતર્ગત નવી દિલ્હી દ્વારા લો રિસ્ક કેટેગરીમાં ૧૧ પ્રકારના (હોલસેલર, ડિસ્ટ્રીબ્યુટરસ, રિટેલર્સ, નાના રીટેલર્સ, સ્ટોરેજ, ઈમ્પોર્ટર્સ, ફુડ વેન્ડિંગ એજન્સીસ, નાના રીટેલર્સ, લારી-ગલ્લા અને મર્ચટ એક્ષપોર્ટસ) ખાદ્ય ચીજના વેપારી કર્તાઓ માટે તત્કાલ લાયસન્સ/ રજીસ્ટ્રેશન સિસ્ટમ તા.૨૮/૬થી ગુજરાત રાજ્યમાં લાગુ થવા જઈ રહ્યો છે. જિલ્લામાં આ અંગેની જનજાગૃત્તિ તેમજ કેવી રીતે પોર્ટલ પર એપ્લિકેશન કરી શકાય તે જાણ હેતું તા.૨૮/૬ના રોજ ગુર્જર વિશા ઓશવાળ જૈન જ્ઞાતિ મુન્દ્રા, ફોકળ ફળિયા, મધ્યે બપોરે બ કલાકથી તત્કાલ લાયસન્સ/રજીસ્ટ્રેશન ઈસ્યૂ કેમ્પ યોજાશે.

# પર્યાવરણ અને વન્ય સંપદાના ભોગે લિઝ મંજૂરી નહીં

**ચરિયાણ વગડો તથા વિશાળ પર્યાવરણ આવેલ હોવા છતાં ખરાબાની જમીન દર્શાવી લિઝની મંજૂરી મંગાતા સખત વિરોધ**



નખત્રાણા : તાલુકાના ખાંભલા ગામે આવેલા સીમાડામાં કુકડા ડુંગર પાસે બ્લેક ટ્રેપ માઈન્સ કાકરીની લીઝ મંજૂર કરાવવા બાબતે લોક સુનાવણી નાયબ કલેકટર સુરજકુમાર સુથારના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી, જેમાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ અધિકારી નરેશ ભાનુશાલી અને અધિકારીઓની ઉપસ્થિતિમાં લોક સુનાવાણી યોજવામાં આવી હતી.

ગ્રામજનોએ જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં હજારોની સંખ્યામાં મોરલા તથા ઢેલ તેમજ વન્ય પ્રાણીઓ રહેઠાણ છે. અહીં પશુઓને ચરવા માટે લીલીઝાડી આવેલી છે. ખાંભલામાં ૧૫૦૦૦ જેટલું પશુધન આવેલું છે. પશુઓના ચરિયાણનો પ્રશ્ન છે. લીઝધારકો દ્વારા ખરાબાની જમીન બતાવાઈ છે, ત્યારે આ જમીન ખરાબ નહીં પરંતુ પર્યાવરણની જમીન છે. ૫૦૦ મીટરની ત્રિજ્યામાં જ અહીં બે તળાવો આવેલા છે, જેમાં પશુધન પાણી પીવે છે છતાં પણ આ જમીન ખરાબ હોવાની જણાવી લીઝ મંજૂર કરાવાની પ્રક્રિયા હાથ ધરાઇ છે જે ગામ લોકોને મંજૂર નથી જે માટે લોકોએ સુનાવણી માં ઉગ્ર વિરોધ નોંધાવયો હતો

ખાંભલા ખાતે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ભુજ દ્વારા લીઝ મંજૂર કરાવવા સબબ લોકોના મંતવ્ય જાણ્યા હતા. ખાંભલાના કુકડા ડુંગર ઉપર બ્લેક ટ્રેક માઈન્સ એરીયા ૨૦૦ હેક્ટર માટે વિરોધ કરવામાં આવેલ અને અહીં લીઝ મંજૂર ન કરવામાં આવે તેવું ગ્રામજનોએ જણાવ્યું હતું.

ગ્રામજનોએ વિરોધ કરતા જણાવ્યું હતું કે, લીઝ મંજુર કરાવવા માટે અરજી કરી છે તેમણે ખોટા આધારો રજૂ કર્યા છે અને અહીં ખરાબ જમીન નહીં પણ અફાટ પર્યાવરણ આવેલું છે. અસંખ્ય વન્ય સંપદા તથા વન્ય પ્રાણીઓ આવેલા છે, જો અહીં લીઝ મંજૂર થશે તો બાજુમાં જ ૭૦૦ મીટરના એરિયામાં ગામના મકાનો અને પર્યાવરણને નુકસાન થશે.

લોક સુનાવણીમાં ખાંભલા ગામના લાખા ભોપા રબારી, લધા સાંગા રબારી, કાના આશા, કરસનજી સોઢા, પ્રતાપસિંહ સોઢા, સવાઈસિંહ સોઢા, રબારી માલા ઝલા, રબારી વંકા વરજગ, રબારી રાજા વેરશી, રબારી વંકા રવા, રબારી વેલા આશા, રબારી દેવા કલા, રબારી વાંકા હમીર, રબારી હીરા ખેંગાર, રબારી રબારી લાખા દેવા, રબારી કાના ભીખા, રબારી વિરમ લાખા સહિતના ગ્રામજનો લોક સુનાવણીનો વિરોધ કરવામાં આવ્યો હતો.



નખત્રાણા તાલુકાના ઘડાણી ખાતે કલેક્ટર અમિત અરોરાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંતર્ગત ૨૬ બાળકોને પ્રવેશ અપાયો હતો.

**શિક્ષણ એ બાળકનો મૂળભૂત અધિકાર**





કચ્છ જિલ્લા શિક્ષણ વિભાગના માર્ગદર્શન હેઠળ ગઈકાલે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો પ્રારંભ થયો હતો. જિલ્લા શિક્ષણાધિકારી સંજયભાઈ પરમારે ગાંધીધામ અને પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી વાઘેલાએ ભુજ તાલુકામાં આયોજિત પ્રવેશોત્સવ કાર્યક્રમમાં હાજર રહી છાત્રોને પ્રોત્સાહિત કર્યા હતા. પ્રથમ દિવસે ૩૮ લાખથી વધુના સહયોગ બદલ શ્રી પરમારે કચ્છના વાલીઓ અને દાતાઓની દિલેરીને બિરદાવી હતી.

# આજના બાળકો એ ભવિષ્યના ભારતના જવાબદાર નાગરિકો : બી.બી.વાહોનીયા





**જુના ગામતળ આધોઈ પ્રાથમિક શાળામાં બાળકોને આવકારી શાળા પ્રવેશોત્સવનો શુભારંભ કરાવતા અધિક કમિશનર અને ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના સીઈઓ**

આધોઈ : કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૪ના દ્વિતીય દિવસે કચ્છની વિવિધ શાળાઓમાં સવારથી જ બાળકોનો કલરવ ગુંજી ઉઠ્યો હતો. કચ્છના ભચાઉ તાલુકાના આધોઈ ખાતે આવેલી પ્રાથમિક શાળામાં અધિક કમિશનર અને ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના સીઈઓ બી.બી. વાહોનીયાએ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહીને બાળકોને વ્હાલથી શાળામાં પ્રવેશ અપાવ્યો હતો.

આ પ્રસંગે સનદી અધિકારી શ્રી વાહોનીયાએ કચ્છના આતિથ્યને બિરદાવીને કહ્યું હતું કે, બાળકોને જોઈને મને મારૂં બાળપણ યાદ આવી ગયું. રાજ્ય સરકારે સમયાંતરે અત્યાધુનિક ટેક્નોલોજી અને સુવિધાઓથી ગામડાઓની શાળાઓને વિશ્વ સ્તરીય બનાવી છે. બાળકો નિયમિત રીતે શાળાએ આવે એવું સુંદર વાતાવરણના નિર્માણ ઉપર શ્રી વાહોનીયાએ ભાર મૂક્યો હતો. પ્રવેશ મેળવનારા તમામ બાળકોને સ્નેહ સાથે આવકાર આપીને શ્રી વાહોનીયાએ ઉમેર્યું હતું કે, આજના બાળકો એ ભવિષ્યના ભારતના જવાબદાર નાગરિકો છે. આ બાળકો અધવચ્ચેથી શિક્ષણ છોડે નહીં તે જોવાની જવાબદારી વાલીઓ અને શિક્ષકો સાથે ગામના આગેવાનોની પણ છે. બાળકોને શિક્ષણની સાથે જીવનના મૂલ્યો શીખવવા ઉપર શ્રી વાહોનીયાએ ભાર મૂક્યો હતો. સ્કૂલ મોનિટરીંગ કમિટીનીમાં શ્રી વાહોનીયાએ સમિતિના સભ્યો પાસેથી વિગતો મેળવીને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. શ્રી વાહોનીયા સહિત મહાનુભાવોએ શાળા પરિસરમાં વૃક્ષારોપણ કરીને બાળકોને વૃક્ષો ઉછેરવા પ્રેરણા આપી હતી.

શ્રી વાહોનીયા, ભચાઉ મામલતદાર મોડસિંહ રાજપૂત, ગામના સરપંચ રાજાભાઈ મણોદરા સહિતના મહાનુભાવોએ હર્ષની લાગણી સાથે આંગણવાડી તેમજ બાલવાટિકાના કુલ ૪૧ બાળકોને આધોઈ જુના ગામતળ શાળામાં પ્રવેશ અપાવ્યો હતો. તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરીને તેમની સિદ્ધિઓને મહાનુભાવોએ બિરદાવી હતી.

આ પ્રસંગે શાળાના આચાર્ય પ્રકાશભાઈ પાટીલ, ભચાઉ બીઆરસી કોર્ડિનેટર વિજયભાઈ પંડ્યા, આઈસીડીએસના પ્રીતિબેન પંડ્યા, આરબીએસકેના તબીબ ડૉ. મીનાબેન, ગામના આગેવાન હિરાભાઈ, કરશનભાઈ, ગુલામભાઈ, કાસમભાઈ સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# સરલી પ્રાથમિક શાળા ખાતે શાળા પ્રવેશોત્સવ યોજાયો



ભુજ : સરલી પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. અરમાન સાવલિયા અને કરશનભાઇ ચૌધરી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમના દ્વારા આંગણવાડી, શાળાના બાલવાટિકા અને ધોરણ ૧ના બાળકોને કુમકુમ તિલક કરી શૈક્ષણિક કીટ આપી પ્રવેશ અપાવવામાં આવ્યો હતો. શાળામાં કચ્છ જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી ભૂપેન્દ્રસિંહ વાઘેલા, તાલુકા પ્રા. શિક્ષણાધિકારી હસુમતિબેન પરમાર, જિલ્લા પ્રાથમિક શિક્ષક સમાજના પ્રમુખ નયનસિંહ જાડેજા તથા ભુજ તાલુકા બીઆરસી કો-ઓ ભરતભાઈ પટોડિયા દ્વારા શુભેચ્છા મુલાકાત લેવામાં આવી હતી. શાળાના આચાર્ય શોભનાબેન પટેલ દ્વારા મહેમાનોનું પુસ્તક આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. શાળાના તેજસ્વી તારલાઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.પધારેલ મહાનુભાવો દ્વારા શાળા પરિસરમાં વૃક્ષારોપણ કરી પર્યાવરણની જાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો. સરકાર દ્વારા આપવામાં આવેલ નવીન કમ્પ્યુટર લેબનું ઉદઘાટન કરાયું હતું. સંચાલન શાળાના શિક્ષક રાકેશભાઈ ભાનાણીના માર્ગદર્શન હેઠળ ધોરણ ૮ની બાળાઓ કુ.તજગીરા ઓઢેજા અને કુ.આરતી વણકરે કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા શાળાના શિક્ષિકા મુમતાઝબેન શેખ, આશાબેન પટેલ તથા પ્રાચીબેન ગોર દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. શાળાના શિક્ષિકા જલ્પાબેન રાવલે આભારવિધિ કરી હતી.

# ભચાઉ સમીપે ૨.૭ની તીવ્રતાનું કંપન અનુભવાયું

**ભારત-પાક સરહદે પણ ભૂકંપનો આંચકો અનુભવાયો**

ભુજ : કચ્છ જિલ્લામાં છવાયેલા મેઘાડંબર વચ્ચે ગત સાંજે ભચાઉ સમીપે અને કચ્છની ભારત-પાક સરહદ સમીપે ભૂકંપનો આંચકોઓ અનુભવાયા હતા. આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર કચ્છના ધોળાવીરાથી ૧૦૦ કિલોમીટર ઉત્તર-પશ્ચિમ દિશાએ ૨.૮ની તીવ્રતાનું કંપન અનુભવાયું હતું. બુધવારે સાંજે ૪.૪૧ કલાકે પાકિસ્તાન સમીપેના કેન્દ્રબિંદુ પર ભૂગર્ભિય હલચલ નોંધાઈ હતી. ગાંધીનગર સ્થિત ઈન્સ્ટિટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ સેન્ટર ખાતે રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૨.૮ અંકિત થઈ હતી. ૨૪.૭૬૦ અક્ષાંસ અને ૭૦.૦૯૭ રેખાંશ પર ભૂકંપનું કેન્દ્રબિંદુ નોંધાયું હતું. ત્યારબાદ સાંજે ૫.૫૫ કલાકે ભચાઉથી ૧૪ કિલોમીટર દૂર ઉત્તર-પૂર્વ દિશામાં ૨.૭ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. ૨૪.૩૧૨ અક્ષાંસ અને ૭૦.૩૯૨ રેખાંશ પર ભૂકંપનું કેન્દ્રબિંદુ નોંધાયું હતું.

## નખત્રાણા પાસે થયેલા અકસ્માતમાં ફોજદારી

નખત્રાણા : અહીં જાડાય રોડ પર ગણેશનગર પાસે અકસ્માતનો બનાવ બન્યો હતો. ઝુરા કેમ્પના સરદારસિંહ સોઢા બાઈક લઈને જતા હતા ત્યારે બાઈક નંબર જી.જે.૧૨.ઈ.કયુ.૩૬૮૯ ના ચાલકે ટક્કર મારતા ગંભીર ઈજાઓના કારણે મોત થયું હતું. જયારે સાહેદ રાજમલજી ભુરૂભા રાઠોડને ઈજાઓ થઈ હતી. જે અંગે રાયસિંહ પ્રાગજી સોઢાએ નખત્રાણા પોલીસમાં ગુનો નોંધાવ્યો છે.

# સરકારના પ્રયાસોથી કચ્છના સરહદી ગામના બાળકો રાજ્યસ્તરની પરિક્ષાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી રહ્યા છે : હર્ષદ પટેલ





**કોટડામઢ અને ભાડરા ગામે શાળા પ્રવેશોત્સવનો શુભારંભ કરાવતા આરોગ્ય કમિશનર અને કચ્છ જિલ્લા પ્રભારી સચિવ**

ભુજ : લખપત તાલુકાના કોટડા મઢ અને ભાડરા ગામની પ્રાથમિક શાળા ખાતે પ્રભારી સચિવ અને આરોગ્ય કમિશનર હર્ષદ પટેલે ભૂલકાઓને શાળામાં પ્રવેશ અપાવીને કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. કોટડા મઢ પ્રાથમિક શાળામાં ૪૫ બાળક-બાલિકાઓ અને ભાડરા પ્રાથમિક શાળામાં ૨૯ બાળક-બાલિકાઓને પ્રવેશ પ્રભારી સચિવ સહિત મહાનુભાવોએ અપાવ્યો હતો.

પ્રભારી સચિવ હર્ષદ પટેલે જણાવ્યું હતું કે, સરકારના પ્રયાસોથી કચ્છના સરહદી ગામના બાળકો રાજ્યસ્તરની પરિક્ષાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી રહ્યા છે. બાળકો ઉત્સાહથી શાળાએ આવે એ પ્રકારનું વાતાવરણ ઊભું કરવા વાલીઓ અને શિક્ષકોને પ્રભારી સચિવે અનુરોધ કર્યો હતો. ભાડરા ગામની પ્રાથમિક શાળામાં આઈસીઆઈસીઆઈ ફાઉન્ડેશન દ્વારા નવનિર્મિત એસ્ટ્રોનોમી લેબનું પ્રભારી સચિવે અનાવરણ કરીને બાળકોને વિજ્ઞાન પ્રત્યે રૂચિ વધે તે માટે પ્રાયોગિક ધોરણે શિક્ષણ આપવા શિક્ષકોને સૂચન કર્યું હતું.

ભાડરા પ્રાથમિક શાળાએ ગુણોત્સવમાં 'એ' ગ્રેડ મેળવ્યો હોઈ શાળાની શૈક્ષણિક કામગીરીને પ્રભારી સચિવએ બિરદાવી હતી.

આ પ્રસંગે તાલુકા પંચાયતના સદસ્ય રાયમા અબ્દ્રેમાન જુમા, નાયબ માહિતી નિયામક મિતેષ મોડાસિયા, આરસીએચઓ જે.એ. ખત્રી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી સામંતભાઈ વસરા, બીઆરસી કોર્ડિનેટર જે.ડી. મહેશ્વરી, આશાપુરા ફાઉન્ડેશનના પ્રતિનિધિ પ્રીતિબેન જાડેજા અને રાયમા અલી બાપા, કોટડા મઢ શાળાના આચાર્ય એચ. એન.ભટ્ટી, ભાડરા શાળાના આચાર્ય હર્ષદભાઈ પંચાલ, ગામના આગેવાન વિશનજી દાદા, મૂળજીભાઈ સિજુ, અનિરુદ્ધસિંહ જાડેજા, મેડિકલ ઓફિસર માતાનામઢ ડૉ. જાનકી વ્યાસ, આઈસીઆઈસીઆઈ ફાઉન્ડેશનના પ્રતિનિધિ દિનેશભાઈ ઓઝા સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# એગ્રોસેલ કંપનીએ શાળા પ્રવેશોત્સવમાં ભૂલકાંઓને આપ્યું પ્રોત્સાહન

**સ્કૂલ બેગ અને શૈક્ષણિક કીટની ભેટથી બાળકો ખુશખુશાલ**



ભુજ : શાળા શિક્ષણની સીડીનું પહેલું પગથિયું ચડતાં બાળકોને પ્રોત્સાહન અને સ્વાગત માટે સરકાર દ્વારા 'શાળા પ્રવેશોત્સવ' નામની એક સરસ કામગીરી થઈ રહી છે.

બન્ની અને પચ્છમ વિસ્તારમાં કાર્યરત એવી એગ્રોસેલ ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડના કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સીબિલીટીની ટીમે પણ આ પ્રવેશોત્સવમાં ઉત્સાહભેર પોતાની સામેલગીરી કરી હતી.

બંને વિસ્તારની કુલ ૬૩ શાળાઓનાં ૮૦૦ જેટલાં બાળકોને ભેટ આપીને તેમના શાળા પ્રવેશને એગ્રોસેલ દ્વારા વધાવવામાં આવ્યો હતો.

શાળાની પ્રથમ જરૂરિયાત એવી સ્કૂલ બેગ અને તેમાં ચિત્રપોથી, કલરબોક્સ, સ્ટેશનરી કીટ જેવી શિક્ષણમાં ઉપયોગી વસ્તુઓ ભૂલકાંઓને આપવામાં આવી હતી, જેમાં આ શાળાઓના આચાર્ય, શિક્ષકગણ અને સીઆરસી કો-ઓર્ડિનેટર્સ તરફથી સહયોગ મળ્યો હતો. એગ્રોસેલ સીએસઆર દ્વારા આ ગામોની શાળાઓ સાથે સમગ્ર વર્ષ દરમ્યાન વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે, જેમાં માનવમૂલ્યો અને ચારિત્ર્ય ઘડતરને કેન્દ્રમાં રાખીને બાળકોને ગમ્મત સાથે જ્ઞાનની લહાણી કરવામાં આવે છે. શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમોમાં સીએસઆર ટીમ સાથે સંબંધિત ગામના આગેવાનો પણ સામેલ થયા હતા.

# નવીનાળમાં અદાણી કંપનીમાંથી ૩.૨૦ લાખની કોપર પ્લેટો ચોરાઈ

મુંદરા : તાલુકાના નવીનાળ ખાતે આવેલા અદાણી કંપનીના પ્લાન્ટમાંથી ૩.૨૦ લાખની કોપરની પ્લેટો ચોરાઈ હતી. ફરિયાદી અજયકુમાર શ્રીવાસ્તવના જણાવ્યા પ્રમાણે અદાણી કચ્છ કોપર કંપનીના પ્લાન્ટના સ્ટોરેજ યાર્ડની અંદરથી ચોરી થઈ હતી. કોઈ ચોર અજાણ્યા ઈસમે સ્ટોરમાં રાખેલા કોપર કેથોડ સ્ટ્રેપમાંથી ૪૩૮ કિલોની છ પ્લેટની ચોરી કરી હતી. જેની કિંમત રૂા. ૩.૨૦ લાખ આંકવામાં આવી છે. જે અંગે મુંદરા પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ભાઈ સમા પરમ મિત્ર
ધનજીભાઈને
ભાવપુર્વક શ્રદ્ધાસુમન



પુણ્યશ્લોકી શ્રી ધનજીભાઈ ગેલાભાઈ ગાલા
દેહ પરિવર્તન: ૨૪-૬-૨૦૨૪
લાકડીયા – માટુંગા સે.રે.

સજ્જનતા તમારી સુવાસ હતી... શાલીનતા તમારો વૈભવ હતો...
સદાચાર તમારા સંસ્કાર હતા... પરોપકાર તમારો પરિચય હતો...
વિનમ્રતા તમારો વ્યવહાર હતો... મૈત્રી તમારી માયાળુ હતી...
નાના મોટા સૌ એક સમા એ જ તમારી ઓળખાણ હતી...

- માતુશ્રી ભાનુબેન ખેતશી મેઘજી ચરલા પરિવાર (આધોઈ– મુંબઈ)
- કંચન હસમુખ ચરલા
- દિપીકા કિશોર ચરલા
- રોનક અતુલ ચરલા
- દ્વની મીત ચરલા
- નિયુશી ચૈત્ય ચરલા
- મમતા જયસુખ પોપટલાલ ગાલા (લાકડીયા)
- ઝીલ પ્રતિક જગદીશભાઈ સોમૈયા (ભદ્રેશ્વર)

પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન
શિડ્યુલ મેન્ટેનન્સ અને એસ્કોર્ટિંગ માટેનો કરાર
ઈ-ટેન્ડર નોટિસ નંબર: Sr.DEE/ADI/ 18 (24-25) તારીખ: 21.06.2024 ટેન્ડર નંબર: EL-50-1-ADI- T-29-2024-25 કામનું નામ: અમદાવાદ ડિવિઝન ની ગાડીઓમાં લાગેલું થ્રીવ્સ મેકની ડીઝલ એન્જિન અલ્ટરનેટર સેટ અને એસેસરીઝ પાવર કારનું શિડ્યુલ મેન્ટેનન્સ અને એસ્કોર્ટિંગ માટેનો કરાર 02 વર્ષ માટે. અંદાજિત કિંમત: ₹79145707.5 અર્નેસ્ટ મની: ₹5,45,700/- ટેન્ડર ફોર્મ સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમય: 18.07.2024 ના 15:00 કલાક સુધી ટેન્ડર ફોર્મ ખોલવાની તારીખ અને સમય: 18.07.2024 સમય 15:30 કલાકે. ઓફિસ સરનામું: સિનિયર ડિવિઝનલ વિદ્યુત ઇજનેર. ડી.આર.એમ. ઓફિસ, ચામુંડા બ્રિજ પાસે, G.C.S. હોસ્પિટલ સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ- 382345 વેબસાઈટ સરનામું: www.ireps.gov.in 86
અમને લાઈક કરો: facebook.com/WesternRly

બીજી વાર્ષિક શ્રદ્ધાંજલિ



સ્નેહના અખૂટ ઝરણાં સમા,
સ્મરણો હવે પાંપણો ભીંજાવે
નિર્મળ સ્નેહ યાદ કરતા હૈયું
હેતથી ભરાઈ આવે.
પ્રભુ તમારા આત્માને શાંતિ
અર્પે એ જ પ્રાર્થના...

સ્વ. નારાણભાઈ વેલજીભાઈ ચૌહાણ
ઉ.વ. 65, સ્વ. તા. 27/06/2022

::: શોકાતુર પરિવારજનો :::
- લક્ષ્મીબેન ચૌહાણ (પત્ની)
- સુશીલાબેન ખીમજીભાઈ ચૌહાણ (પુત્રવધુ-પુત્ર)
- સ્વ. પરસોત્તમભાઈ નારણભાઈ ચૌહાણ (પુત્ર)
- રાજેશ્રીબેન કાંતીલાલ ચૌહાણ (પુત્રવધુ-પુત્ર)
- નૈનાબેન શક્તિભાઈ ચૌહાણ (પૌત્રવધુ-પૌત્ર)
- તેજલ, બીજલી, ચાંદની (પૌત્રી)
- સાહિલ, અરશ (પૌત્ર) • માનસી (દોહિત્રી)
- રમીલાબેન મનોજભાઈ માધક (દિકરી-જમાઈ)
- સવિતાબેન ચમનલાલ કાગી (દિકરી-જમાઈ)
- ખુશ્બુબેન મોહનભાઈ ઘરકા (દિકરી-જમાઈ)

સમસ્ત ચૌહાણ પરિવાર - 78747 59240

ધીરે ધીરે બોલ કોઈ સુનના લે..સુનના..લે..કોઈ સુનના લે..!

# ભુજની જદુરા સીમમાં અંજારના અબ્બાસ-મનીષ-રઝાકની મસમોટી જુગાર કલબ ધમધમી :ખાખીમાંથી કોની મંજુરી ?

**પશ્ચીમ કચ્છ પોલીસની ખાસ શાખાની મંજુરી લીધી હોવાનો સંચાલકોનો દાવો : અમારો કોઈ વાળ પણ વાંકો નહી કરી શકે, અમારી આ કલબમાં બિનધાસ્ત થઈને રમવા આવો..: અંજારના અબ્બાસે ભુજના મનીષને જુગાર કલબ ચલાવવાની સોંપી છે જવાબદારી : મનીષ અગાઉ પાલારા સીમમાં ચલાવતો હતો જુગાર કલબ**

**જીલ્લા આખાયની સૌથી મોટી કરોડોની હાર-જીત થતી જુગાર કલબ શરૂ : ખેલીઓના રોજ-જામતા જમાવડાં**

**ભુજનો રઝાક ક્રીકેટ સટ્ટામાં પણ ધરાવે છે સારી હથરોટી !**

## થોડા સમય પહેલા જ ભુજનો બુકી હિરેન ૧ કરોડ ૩૨ લાખની ઠગાઈમાં આવી ગયો!

**બે-પાંચ દિવસ પહેલા જ ભુજના પરેશને જુગાર સંચાલક ચીટ્ટર અબ્બાસ ટોળકીએ ૫૦ લાખમાં ઉતારી દીધો : જુગારના નામો ચોકકસ વર્ગના લોકોને ચીટીંગનો ભોગ બનાવી આર્થીક રીતે તબાહ કરવાનું કારસ્તાન**

ગાંધીધામ : અંજારના ચીટ્ટર અબ્બાસ અને તેનો પાર્ટનર ભુજનો મનીષ જુગાર કલબ ચલાવી રહ્યા છે તેની સાથે જ ચોકકસ વર્ગના ખેલીઓ-લોકોને તાર્ગેટ બનાવી અને તેમની સાથે મોટી-તગડી રકમની ચીટીંગ કરીને મને તબાહ કરવાનુ પણ કારસ્તાન ચલાવી રહ્યા હોવાની ગંધ સામે આવવા પામી રહી છે. જાણકારો કહી રહ્યા છે કે, બે-ચાર દિવસ પહેલા જ ભુજના પરેશ નામના એક યુવાન અહી જુગાર કલબમાં રમવા ગયો હતો. તેને પણ અબ્બાસ આણી ટોળકીએ ૫૦ લાખમાં નવડાવી દીધો છે તો વળી તેનાથી પહેલા થોડા સમય અગાઉ ભુજના હીરેન નામના એક બુકીને પણ આ જુગાર કલબ સંચાલકોએ ચીટીગં કરી અને ૧ કરોડ ૩૨ લાખ જેવી મોટી રકમનો ફટકો પાડી દીધો છે. દબાણવશ થઈઅને બુકી હીરેને તે રકમ આ શખ્સોને આપી પણ દીધી છે. ખરેખર વિચાર તો કરો, જુગાર સંચાલકો, જુગાર કલબના નામે ખેલીઓને બોલાવી અને તેમની સામે આટલી મોટી તોડ કરી રહ્યા હોય અને તે પણ કોઈ એક જ વર્ગને નિશાન બનાવતા હોય તો એ ખુબ જ ગંભીર વાત જ કહી શકાય તેમ છે.

**એકાદ પખવાડીયામાં ભુજના કઈક સારા-સારા લોકોને ૨૫-૫૦ લાખથી કરોડના આર્થિક ધુમ્બાઓ ચીંટીગ કરીને ચીટર અબ્બાસ ટોળકી પાડી દીધા છે : કેટલાક તો કચ્છ મુકીને અમદાવાદમાં આશરો લઈ લીધો**

ગાંધીધામ : એકતરફ ગુજરાત સરકાર અને ગૃહવીભાગ તથા રાજય પોલીસતત્ર ડ્રગ્સ સહિતના અસામાજીક દુષણોને ડામવાની દીશામાં અથાગ પ્રયાસો કરી રહ્યા છે તેવામાં બીજીતરફ યુવાનો અને સામાન્ય લોકોના જીવનને તબાહ કરી નાખતા જુગારના દુષણ કચ્છમાં ફુલવા ફાલવાની શરૂઆત થઈચૂકી હોય તે અનુસારની ગંધ સામે આવવા પામી રહી છે. આ બાબતે જાણકારોની વાત માનીએ તો જિલ્લા વડામથક ભુજ ખાતેના હરિપર રોડથી સહેજ આગળ જતા જદુરા સીમ વિસ્તારમાં ધુનારાજા ડેમ પટ્ટાની આજુબાજુમાં અંજારના કુખ્યાત જુગાર સંચાલકોએ પડાવ નાખી અને મોટપાયે જુગારની કલબનો ધમધમાટ શરૂ કરી દીધો છે. અંજારના ચીટર અબ્બાસ તરીકે ઓળખાતા શખ્સે ભુજના મનીષને આ જુગાર કલબમાં સાથે રાખી અને અહી દિવસ-રાત ૨૪ કલાક ધમધમતી મસમોટી જુગાર કલબ શરૂ કરી દીધો હોવાનુ મનાય છે.

આ મામલે ચર્ચાતી વિગતો અનુસાર જુગાર કલબમા હજારો-લાખો નહી પણ કરોડોની હારજીત થતી હોય તેવા પડ મંડાઈ રહ્યા છે. અંજારનો અબ્બાસ ચીટ્ટર ખુલ્લેઆમ ખેલીઓને કહી રહ્યો છે કે, તમે બિનધાસ્ત થઈને અહી રમવા આવો, તમારૂ કોઈ નામ નહી લે, મે ખાખીધારીઓની મંજુરી લીધી છે અને માંગ્યા હપ્તાઓ હુ તેમને આપી રહ્યો છે, એટલે મારો કોઈ વાળ પણ વાકો નહી કરી શકે. આ જુગાર કલબને બંધ કરાવી તો શુ પણ આ તરફ જોવાની પણ કોઈ હિમંત નહી કરે. અને ખરેખર જે રીતે પાછલા પખવાડીયા એટલે કે પંદર દીવસથી આ સીમાડામાં ખેલીઓની અવરજવર જોવાઈ રહી છે તે જોતા અબ્બાસ જે શેખી મારી રહ્યો છે તે સાચી પણ જણાઈ રહી છે. કારણ કે આટલી મોટી જગાર કલબ શરૂ થાય, મોટી માત્રામાં ખેલીઓની આવનજાવન રહેતી હોય અને તે ખાખીધારીઓથી અજાણ રહી જાય તે વાત કોઈ માની શકે નહી? ખરેખર આ બાબતે ઉચ્ચસ્તરેથી તપાસ કરવી જોઈએ કે, આવી મોટી કરોડોના પડ મંડાતી જુગાર કલબની મંજુરીઓ આપી છે કોણે?

**ભુજના નાગોર સીમાડામાં એકાદ માસ પૂર્વે ચીટીંગથી ચાલતી જુગારમા ચીટરો સાથે આદિપુરના કુખ્યાત જુગાર સંચાલક અશ્વીનીની થઈ હતી ભારે ચક મક**

## પપ્પુ-રજાકબુકી-હનીયો (મુંડીનો ભાઈ) ખેલે છે ખેલ..!

ગાંધીધામ : ભુજમાં અગાઉ દેશીદારૂ અને જુગારના મામલે ભારે ચર્ચામા રહેલ ઈબ્રાહીમ મુંડી હાલમાં તો કચ્છ છોડીને મુંબઈ તરફ નાશી ગયો છે અને ત્યા જુગારમાં હાથ અજમાવી રહ્યો હોવાનુ મનાય છે પરંતુ તેનો ભાઈ હનીયો ભુજના જદુરા સીમમાં ચાલતી આ કલબમાં ખેલ ખેલી રહ્યો હોવાનુ મનાય છે. આ ઉપરાંત પપ્પુ અને ભુજનો બીજો કુખ્યાત બુકી રજાક પણ અહી ખેલી રહયા હોવાનું કહેવાય છે. આ બધાય અંજારના અબ્બાસના ઈશારે જ લોકોની સાથે ચીટીગ કરવામાં પણ જોતરાયેલા જ હોવાનુ ચર્ચાય છે.

## ખેલીઓના વાહન જયા રખાય છે તે મામદ વાડાવાળો છે કોણ ?

ગાધીધામ : ભુજના હરીપર રોડ પરથી આગળ તરફ જતા જદુરા સીમમાં જે જુગાર કલબ ચાલી રહી છે ત્યા લેવા લઈ જવા અને મુકવાની પણ સંચાલકોએ વ્યવસ્થાઓ કરેલી હોવાનુ મનાય છે. લાખોના જ પડ અહીમડાય છે તો ખેલવા આવનારા પણ એવા જ હોય, એટલે મોટાભાગના ફોર વ્હીલરથી અહી આવતા હોયછે અને તેઓના ફોરવ્હીલરને મામદના વાડામાં મુકી દેવામા આવે છે. અને ત્યાથી આ ખેલીઓને અબ્બાસ-મનીશની ટોળકી ટુ વ્હીલરમાં જુગાર રમવાના સ્થળ સુધી લઈ જતી હોવાનુ ચર્ચાય છે.

## ચીટ્ટર અબ્બાસ ટોળકી આવી રીતે જુગારમાં કરે છે ચીટીંગ..!

**ભુજ સમીપેની જદુરાસીમમાં જ નહી અન્યત્ર પણ આ અબ્બાસ-મનીષ જુગાર રમાડે તો ખેલીઓએ ત્યા જતા પહેલા ૧૦૦ વાર કરવો જોઈએ વિચાર..!**

ગાંધીધામ : ભુજ સમીપે શરૂ થયેલી જુગારમાં ન માત્ર ધાણીનો જુગાર રમાડાયા છે બલ્કે તેમાં અંજારના ચીટ્ટર અબ્બાસ, ભુજનો મનીષ અને બુકી રજાક સહિતના અઠંગ તત્વો ચીટીંગ પણ કરી રહ્યા છે અને ધાણીમાં લોહચુબંક લગાડી અને ખેલીઓને લાખોની રકમમા નવડાવી રહ્યા હોવાનુ મનાય છે. સામેવાળાને ખબર પર ન પડે તે રીતે અબ્બાસગેગ જુગારમાં ચીટીંગ કરી અને સામેવાળાને ૨૫-૫૦ લાખથી દોઢ કરોડ સુધીના શીશામાં ઉતારી રહ્યા છે. એટલે ખેલીઓએ પણ આ અબ્બાસની જુગાર કલબમાં જતા પહેલા સો વાર વિચાર કરવો જોઈએ.

# પૂર્વ કચ્છ એસપી ટીમ સાગર બાગમારનો સપાટો : ૧ સામટા ૧૧ વ્યાજખોરો સામે નોંધાઈ ફરિયાદ

**લોક દરબારમાં રજુઆત સાંભળી એસપીએ સુચના આપતા અંજાર, ગાંધીધામ એ અને ભચાઉ પોલીસ હરકતમાં આવી : જિલ્લામાં વ્યાજખોરીની બદી નાબૂદ કરવા પોલીસ તટસ્થ કામગીરીનો વહેતો થયો સંદેશ : મુદ્દલની સામે ૧૦ ટકા વ્યાજ ચુકવવા છતાં કોરા ચેક બેંકમાં જમા કરાવી વધુ નાણા પડાવવાનારાઓમાં ફફડાટ : અંજારની કુખ્યાત વ્યાજખોર રીયા ગોસ્વામી પણ ચડી જપ્ટે**

**લોકસંવાદ બાદ પોલીસતંત્રએ વ્યાજખોરોની સામે ફરીયાદ લેવાની શરૂઆત કરી જ દીધી છે, હવે જે કોઈની સામે તહોમત લાગ્યા છે તે બાબતેના આધાર-પુરાવાઓ સત્યતાઓ ચકાસી અને પોલીસ વેળાસર જ ધાક બેસાડતી કાર્યવાહી કરે તે મહત્વનું, ઉપરાંત વ્યાજખોરોનો ભોગ બનેલાની અરજીઓ જો કોઈએ એક યા બીજા કારણોસર દબાવી રાખી હોય તેવુ ધ્યાને આવતુ હોય તો એવા પલળેલા ખાખીધારીની સામે પણ એકાદ કિસ્સામાં કરી દેખાડવી જોઈએ લાલઆંખ ભરી કાર્યવાહી**

ગાંધીધામ : પૂર્વ કચ્છ જિલ્લા પોલીસ વડા સાગર બાગમાર દ્વારા પ્રજાભિમુખ અભિગમ અપનાવી અને વ્યાજખોરોનો ભોગ બનનારાઓને ન્યાય અપાવવાની દીશામાં તાજેતરમાં જ ગાંધીધામ ખાતે લોકસંવાદ કાર્યક્રમનું આયોજન કર્યુ હતુ. જે બાદ હવે પૂર્વ કચ્છ પોલીસતંત્રએ વ્યાજખોરો સામે કાયદાનો ધોક્કો પછાડી દીધો હોય તેમ કાર્યવાહી થતી જોવા મળી આવી રહી છે. પૂર્વ કચ્છમાં ગઈકાલે પોલીસે વ્યાજખોરી સામેની ફરિયાદો સાંભળવા માટે લોક દરબાર યોજયો હતો. લોક દરબાર પૂર્વે જ વ્યાજખોરીની બે ફરિયાદ દાખલ કરવામાં આવી અને દરબાર પછી એસપીએ કડક સુચના આપતા અંજાર, ગાંધીધામ એ અને ભચાઉ પોલીસે વ્યાજખોરો સામે ગુનો દાખલ કરી દીધી છે. જેમાં વધુ એકવાર અંજારની રીયા ગોસ્વામી સામે ગુનો દાખલ થયો છે. અંજારમાં ગંગોત્રી સોસાયટીમાં રહેતા રાજેશ અજીતરાય મહેતાએ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે રૂપિયાની જરૂરીયાત હોતા આરોપી શબ્બીર તુર્ક પાસેથી એક લાખ અને કિશોરસિંહ જાડેજા (ખેડોઈ) પાસેથી ૫૦ હજાર દસ ટકા વ્યાજે લીધા હતા. જેમાં શબ્બીરને ૧.૨૨ લાખ અને કિશોરસિંહને ૫૮ હજાર ચુકવવા છતાં ચક્રવૃતિ વ્યાજની ગણતરી ફરિયાદી પાસે વધુ રૂપિયા માંગી શબ્બીરના સાગરીત મજીદ બાયડ અને કિશોરસિંહના સાગરીત ધર્મેન્દ્રસિંહ રૂપિયાની માંગણી કરવામાં આવતી હતી. શબ્બીર અને ધર્મેન્દ્રસિંહે કોરા ચેકમાં મનફાવે તે રકમ ભરી કોર્ટમાં હેરાન કરવાની અને ઘરની બહાર નિકળે તો પગ ભાંગી નાખવાની ધમકી આપતા હોવાની ફરિયાદ નોંધાઈ છે. જયારે મુંદરાના મોખામાં રહેતા અકબર રહેમતુલ્લા સમાએ કુખ્યાત વ્યાજખોર રોયલ માઈક્રો ફાયનાન્સના રીયાબેન ઈશ્વરગર ગોસ્વામી સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદીએ રીયા પાસેથી ૪૦ હજાર રૂપિયા ૧૦ ટકા વ્યાજે લીધા હતા. જેમાં ૭૨ હજાર ચુકવવા છતાં ફરિયાદીની બાઈક જમા લઈ રૂપિયાની ઉઘરાણી કરી ચેકમાં ખોટી રકમ ભરી બેંકમાં જમા કરાવી કોર્ટ કેસ કરવાની ધમકી અપાઈ રહી હોવાની ફરિયાદ નોંધાઈ છે. આરોપી રિયા સામે અગાઉ વ્યાજની ઉઘરાણીમાં મરવા માટે મજબુર કરવા સહિતની વિવિધ કલમો તળે ગુનો નોંધાયેલા છે અને તે કુખ્યાત વ્યાજખોર છે. તો બીજીતરફ ગાંધીધામમાં રહેતા અશોકભાઈ જેઠાનંદ થાવરાણીએ ફરિયાદ નોંધાવતા જણાવ્યું કે, તેણે આરોપી વિજય મજેઠીયા પાસેથી ૪૦ હજાર રૂપિયા લીધા હતા. જેમાં ૧.૨૦ લાખ ચુકવવા છતાં હજુ ૫૦ હજારની ઉઘરાણી કરવામાં આવે છે તેમજ ફરિયાદીનો ચેક પરત આપ્યો નથી. ઓસ્લો સર્કલે વિજયની ઓફિસ આવેલી છે. અવારનવાર રૂપિયા મેળવવા માટે પઠાણી ઉઘરાણી કરવામાં આવે છે. જેથી એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.દરમ્યાન ભચાઉ તાલુકાના વોંધ ગામે રહેતા દિલીપભાઈ બાબુલાલ સુથારે વ્યાજખોર વોંધના દિલીપભાઈ પ્રવીણભાઈ પંડયાને પાંચ લાખની સામે ૨.૮૩ લાખ, મનીષ નવીનભાઈ ઠક્કરને દોઢ લાખની સામે ૪૯૫૦૦ અને મકાનનું લખાણ કરી આપ્યું છે. ડાયાલાલ ખુમાણ દાફડાને એક લાખની સામે ૩૧ હજાર, રાજેશ વિનોદભાઈ દવેને ૯.૫૦ લાખની સામે ૨.૮૯ લાખ અને મકાનનું લખાણ તેમજ સંદીપ ઉર્ફે સુર્યો લવજીભાઈ રાઠોડને ૪.૭૫ લાખની સામે ૧ લાખ રૂપિયા તેમજ ગાડીનું લખાણ કરી આપ્યું છે. આરોપીઓએ ૨૧.૭૫ લાખ શરાફી વ્યાજ કરતા વધુ વ્યાજે આપી ફરિયાદી પાસેથી વ્યાજ પેટે ૭.૫૨ લાખ વસુલી લીધા છતા અવારનવાર રૂપિયાની માંગણી તથા વ્યાજની ઉઘરાણી કરી ઘરે આવી ધાક ધમકી કરવામાં આવે છે અને કોરા ચેક કઢાવી લેવા ધમકી અપાતી હોઈ ભચાઉ પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.




હાર્દિક અભિનંદન
શ્રી યદુવંશી સોરઠીયા આહીર સમાજ શિણાય



નિખિલભાઈ અમૃતલાલ હડીયા
નવનિયુકત પ્રમુખશ્રી

જયંતિભાઈ નારણભાઈ હડીયા
પૂર્વપ્રમુખશ્રી

આપશ્રીની શ્રી યદુવંશી સોરઠીયા આહીર સમાજ શિણાયની ગૌરવશાળી સમાજના લોકોના પ્રચંડ જનસમર્થનથી પ્રમુખશ્રી તરીકે સર્વાનુમતે શ્રી નિખીલભાઈ અમૃતલાલભાઈ હડીયાની વરણી થવા બદલ ખૂબ-ખૂબ હાર્દિક અભિનંદન તથા છેલ્લા ૩૪ વર્ષથી શ્રી યદુવંશી સોરઠીયા આહીર સમાજ શિણાયના પ્રમુખશ્રી તરીકે શ્રી જયંતિભાઈ નારણભાઈ હડીયા સેવા આપીને સમાજનો જે પ્રેમ અને ઉલ્લાસથી સમાજમાં નાનામાં નાના લોકોનું કામ કર્યુ તથા એમના કાર્યકાળ દરમિયાન મધુબન સોરઠીયા આહિર સમાજવાડીનું નિર્માણ, ગૌ-શાળાનું કાર્ય, શિણાય ગામના વિકાસકાર્યો, સમૂહલગ્નો ચાલુ કરાવવા, સાંસ્કૃતિ અને શૈક્ષણિક કાર્યોમાં જેમનો સર્વસ્વ ફાળો આપી પોતાના જીવનના કિંમતી ૩૪ વર્ષનો સિંહફાળો સમાજ માટે આપ્યો તે બદલ સમાજનો આભાર માની પોતાની નિવૃત્તિ જાહેર કરી તે બદલ સમાજવતી આભાર માનીએ છીએ અને શિણાય શ્રી યદુવંશી સોરઠીયા સમાજના નવનિયુકત પ્રમુખશ્રી તરીકે નિખિલભાઈ અમૃતલાલભાઈ હડિયાને અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

-:: શુભેચ્છકો ::-

- શ્રી કાનજીભાઈ વાલજીભાઈ બલદાણીયા
- શ્રી મહેન્દ્રભાઈ નારણભાઈ બલદાણીયા
- શ્રી ભીમજીભાઈ વેલજીભાઈ હડીયા
- શ્રી પ્રભુલાલભાઈ માંડણભાઈ હડીયા
- શ્રી શિવજીભાઈ ખેતાભાઈ વાઘમશી
- શ્રી ધનજીભાઈ દેવજીભાઈ વાણીયા
- શ્રી ભોપાદાદાશ્રી વાલજીભાઈ જેઠાભાઈ વાણીયા
- શ્રી કુંવરજીભાઈ કાનજીભાઈ હડીયા (ભકત મંડળ-શિણાય)
- શ્રી શિવજીભાઈ રામજીભાઈ વેજાણી
- શ્રી શામજીભાઈ નારણભાઈ વાઘમશી
- શ્રી ભોપાદાદાશ્રી ગોપાલભાઈ ભીમજીભાઈ હડીયા
- શ્રી ભોપાદાદાશ્રી શંભુભાઈ દાનાભાઈ બલદાણીયા
- શ્રી અમૃતલાલભાઈ વાલજીભાઈ બલદાણીયા
- શ્રી જેન્તીલાલ માંડણભાઈ બલદાણીયા
- શ્રી પ્રકાશભાઈ વીશનજીભાઈ બલદાણીયા

શ્રી યદુવંશી સોરઠીયા (આહિર) જ્ઞાતિ મહાજન-શિણાય

હાર્દિક અભિનંદન



શ્રી નવીનભાઈ ભીમજીભાઈ હડિયા - પ્રમુખશ્રી

શ્રી સુનિલભાઈ મોહનલાલ હડિયા - ઉપપ્રમુખશ્રી

આપશ્રીઓની ઉપરોક્ત પદે વરણી થવા બદલ અંતરના અભિનંદન સાથે આપશ્રીઓના સબળ નેતૃત્વ હેઠળ આપનું જ્ઞાતિ-મહાજન ખુબજ પ્રગતિ કરે તેવી હાર્દિક શુભેચ્છા.

::: શુભેચ્છક :::

- જાડેજા રામદેવસિંહ બહાદુરસિંહ
- ગોહિલ દિવ્યરાજસિંહ જયવંતસિંહ
- જાડેજા બ્રિજરાજસિંહ રામદેવસિંહ